સુવિચાર
માનવ જીવન એ જ સૌથી મોટો ચમત્કાર છે !
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૦૫/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

# અમરેલી એક્સપ્રેસ

જિલ્લાનાં આમઆદમીનું અખબાર
અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
કેસર શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ વૈશાખ વદ-અમાસ વર્ષ : ૧૬ અંક : ૧૪૧

## પાંચેક વ્યકિતઓ ખાડામાં પડી મોતનાં મોં માંથી બહાર આવ્યા હોય

# બગસરામાં ભૂગર્ભ ગટરનાં ખાડા યુધ્ધનાં ધોરણે બુરી દો

**બાંધકામ એજન્સીએ નિયમોની ઐસી-તૈસી કરીને ખાડાઓ કરતાં શહેરીજનો તોબા પોકારી ગયા**

**તાજેતરમાં પડેલ વરસાદથી કાદવ-કીચડનું પણ સામ્રાજય ફેલાયું**

**એક બાઈક સવાર ખાડામાં પડી જતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા**

**પાલિકાનાં શાસકોએ એજન્સી પાસેથી નિયમાનુસાર કામગીરી કરાવવી જરૂરી બની**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૬

બગસરામાં જેતપુર રોડ ઉપર ટાંકાની સામેની સાઈડમાં નવી સોસાયટીઓમાં ભૂગર્ભ ગટર તેમજ નળ કનેકશન અને રસ્તાઓની કામગીરી માટે ગ્રાન્ટો પાસ થયેલી હોવાથી પાલિકા દ્વારા હાલમાં જેતપુર રોડ પર ભૂગર્ભ ગટરના કામોનું ખોદકામ આદરેલ છે. ત્યારે બેફામ રીતે ખોદકામ કરી છેલ્લા આઠ દિવસથી ખાડાઓ પુરવામાં ન આવતા અને લોકો આ ખાડાઓમાં પડવાના લીધે નાની મોટી ઈજાઓ થયેલી હતી. તેમજ હાલમાં પડી રહેલ વરસાદના કારણે કીચડનું પણ સામ્રાજય બની ગયું છે જેના લીધે અહીં રહેતાલોકોને પસાર થવું પણ મુશ્કેલ થઈ ચૂકયું છે. જયારે ગઈકાલના રોજ ભયંકર રીતે એક બાઈક સવાર આ ખાડાની અંદર ખાબકતા ગંભીર ઈજાઓ થઈ હતી અને પ્રથમ સારવાર અર્થે બગસરા સિવિલ હોસ્પિટલમાં આ વ્યકિતને ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ હાલત વધુ ખરાબ થતા અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ત્યારે આ આઠ દિવસની અંદર છથી સાત બાઈક સવારો તેમજ રાહદારીઓ આ ખાડાઓની અંદર પડવાથી નાની મોટી ઈજાઓ થયેલી હોવા છતાં આ નિર્ભર તંત્ર દ્વારા આ ખાડાઓ પૂરવામાં આવતા નથી. જયારે પાલિકા દ્વારા તેમજ સત્તાધિશો દ્વારા આવા ખાડાને તાત્કાલિક પૂરવામાં આવે અને આ ભૂગર્ભ ગટરના કામને તાત્કાલિક પૂર્ણ કરવામાં આવે જેના લીધે આ ભૂગર્ભ ગટરના ખાડાઓ મોતના ખાડા બને નહીં તેવી કાળજી રાખી યુદ્ધના ધોરણે કામગીરી પૂર્ણ કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

## તેઓના મોટાભાઈનું થોડા દિવસો પહેલા નિધન થયા બાદ અસર થઈ

# ધારીનાં પોલીસ સ્ટેશનની અગાસી ઉપરથી છલાંગ લગાવનાર અસ્થિર મગજનાં યુવકનું મોત નિપજયુ

**પોલીસ સ્ટાફે યુવકને સારવારમાં ખસેડેલ જયાં તેમનું મોત થયુ**




અમરેલી, તા. ૨૬

ધારીખાતેઆવેલહીમખીમડી પરામાંરહેતાએક ૩૨ વર્ષિયયુવકેધારીના પોલીસસ્ટેશનનીઅગાસીઉપરથીછલાંગ લગાવી દેતા ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલિક સરકારી દવાખાને ખસેડવામાં આવેલજયાંતેમનુંસારવારદરમિયાનમોત નિપજયું હતું. આ બનાવમાં યુવકે મોતને વહાલુંકરીલેતાધારીપંથકમાંભારેચકચાર મચીજવાપામેલછે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ ધારીના હિમખિમડીપરા વિસ્તારના રહેતા મગનભાઈ પ્રેમજીભાઈ થળેસા નામના ૩૨ વર્ષિય યુવકના મોટા ભાઈને થોડા સમય પહેલાં હદયરોગનો હુમલો આવતાં તેમનું મોત નિપજતા આ યુવકને માનસિકઅસરથઈજતાંઆમગનભાઈ થળેસા અવારનવાર આવે છે. તેવું રટણ કરતાં રહેતા હોય, ત્યારે તે મગનભાઈ થળેસા આજે ધારી ખાતે આવેલ પોલીસ સ્ટેશનના પાછળ આવેલ સીડી ઉપરથી ચડી અને પોલીસ સ્ટેશનના બીજા માળની અગાસી ઉપરથી પાછળના ભાગે તેમણે છલાંગ લગાવી દીધી હતી.

ધારી પોલીસ સ્ટેશનના બીજા માળેથી યુવક નીચે પટકાતા અવાજ સંભાળી પોલીસ સ્ટાફ દોડી ગયો હતો. અને અગાસી ઉપરથી પટકાતા ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. આ બનાવમાં પોલીસે મોત દાખલ કરી આ સમગ્ર ઘટના અંગે મૃતક યુવકના પરિવારજનોના નિવેદન લીધા બાદ સાચું કારણ બહાર આવશે.

તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે
અમરેલીથી માત્ર ૫ (પાંચ) કી.મી.દુર આવેલ રાજકોટ રોડ ઉપર, સ્ટેટ હાઈ-વે થી માત્ર ૭૦૦ મીટર દુર તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે.
સાડા પાંચ વીઘા જમીન, ૧૫x૨૦ ની એટેચ સંડાસ બાથરૂમ સાથેની રૂમ, બે બોરવેલ, સબમર્સીબલ, ફુલ પાણી, ઈલેકટ્રીક લાઈટ કનેકશન, શેડ સાથેનું તૈયાર ફાર્મ હાઉસ વેચાણથી આપવાનું છે.
સંપર્ક : ૯૮૨૫૫ ૬૨૩૬૧

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
86,100/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૬/૦૫/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
6354973131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શ્રીજી વિદ્યાર્થી ભુવન
શ્રી સરસ્વતી વિદ્યાલય
હોસ્ટેલ પ્રવેશ.. હોસ્ટેલ પ્રવેશ..
દિપક પી. વઘાસિયા સંચાલકશ્રી
ધોરણ : ૪ થી ૧૨
વિલાસબેન ડી. વઘાસિયા સંચાલકશ્રી
સ્કૂલ - હોસ્ટેલની ઉતમ સુવિધા
■ ટેકનોલોજી એડેડ સ્કૂલ ■ સંપૂર્ણ AC સ્કૂલ
■ પોસાય તેવી ફી ■ કુદરતી વાતાવરણ વચ્ચે વિશાળ કેમ્પસ
■ માઈન્ડ પાવર અને સેલ્ફ ડેવલપમેન્ટ માટે મોટીવેશનલ પોગ્રામ
વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવો..
હોસ્ટેલ પ્રવેશ
સંપૂર્ણ કેળવણીનો અહેસાસ
ઘરથી દુર બીજુ એક ઘર એટલે
શ્રીજી વિદ્યાર્થી ભુવન
એસ.ટી. ડિવિઝન પાસે, લાઠી રોડ, અમરેલી / મો.૯૪૨૬૯ ૭૬૬૪૨/૬૩૫૧૯ ૬૪૨૭૩/૭૦૪૩૦ ૧૯૦૨૭

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
■ નોર્મલ-જોખમી-સિઝેરીયન પ્રસુતિ
■ ડીલેવરી દરમ્યાન બાળકનાં ધબકારાનું મોનીટરીંગ કરવા માટે આધુનિક NST Machine
■ પ્રેગનન્સી દરમિયાન બાળકનો વિકાસ તથા ખોડખાંપણ જાણવા માટે અત્યાધુનિક 3D/4D, કલર ડોપ્લર સોનોગ્રાફિ મશિન
■ એન્ડોસ્કોપી તથા લેપ્રોસ્કોપી સેટઅપ
■ ટાંકાવાળુ, ટાંકા વગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશય/અંડાશયની ગાંઠના ઓપરેશનો
■ વંધ્યત્વની આધુનિક સારવાર
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી / ફોન નં.(૦૨૭૯૨) ૨૨૧૩૨૪

વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ
:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી
કાર્યક્ષેત્ર ::- ધો-9 થી 12 સાયન્સ/કોમર્સ/RENEET
:: શૈક્ષણિક વિશેષતાઓ ::
✓ હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE-NEET) Foundation ની તૈયારી કરશે.
✓ જ્યાં વધી Advance Maths-Science, રીઝનિંગ English અને ની ખાસ ટુ કેટ તૈયારી.
મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE-NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા
... સ્કોલરશીપ યોજના...
ધોરણ 8 95% ઉપર 9 મું FREE
ધોરણ 9 95% ઉપર 10 મું FREE
ધો.8-9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ પર હેતુલક્ષી પ્રશ્નો ::
15 MATHS+15 SCI + 10 ENG.+ 10 S.S.
કૃણાલ ધોળકીયા Maths, M.Sc.,B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડયા મનોજભાઈ Science, M.Sc.,B.Ed. અનુભવ 14 વર્ષ
ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
● Smart Board ધરાવતા ક્લાસ..
● અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.
ADMISSION OPEN-2025
ધોરણ 11 થી જ CA,CS & CMA
FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા
ધો.-10માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
#કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 22086

## પ્રકૃતિ અને પર્યાવરણ માટે હાનિકારક પ્લાસ્ટિકનાં ઉપયોગને ટાળવા

# અમરેલી જિલ્લામાં વિશેષ જનજાગૃત્તિ અભિયાન શરૂ થયું

વાસિયાળીનાં ગામજનો સાથે વનકર્મીઓએ જાહેર સ્થળો અને માર્ગો ઉપર વેસ્ટ પ્લાસ્ટિકનું એકત્રીકરણ કર્યુ

પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા માટે પ્રેરક સંદેશ આપવામાં આવ્યો

વિવિધ વિસ્તારોમાં જરૂરી સાફસફાઈ અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું

રર મે થી શરૂ કરીને ૫ જૂન સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે







અમરેલી, તા. ૨૬

વિ પર્યાવરણ દિવસના અનુસંધાનેઅમરેલીજિલ્લામાંપ્રકૃતિઅને પર્યાવરણ માટે હાનિકારક પ્લાસ્ટિકના ઉપયોગને ટાળવા માટે વિશેષ જનજાગૃત્તિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

આ અભિયાનના ભાગરૂપે જિલ્લાના સાવરકુંડલાના વાસિયાળી ગામે વન વિભાગના કર્મીઓની સાથે ગ્રામજનોએ જોડાઈને જાહેર સ્થળો અને માર્ગો ઉપરના વેસ્ટ પ્લાસ્ટિકનું એકત્રીકરણ કરી, પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા માટે પ્રેરક સંદેશ આપવામાં આવ્યો હતો. આ સાથે વિવિધ વિસ્તારોમાં જરૂરી સાફસફાઈ અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, વિ પર્યાવરણ દિવસ–૨૦૨૫ નિમિત્તે તા. ૨૨ મે થી તા. ૫ જૂન સુધી "Ending Plastic Pollution Globally" થીમ પર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આમ, વન વિભાગ દ્વારા ગ્રામ્ય સ્તરે પણ પ્લાસ્ટિકના વપરાશ ટાળવા માટે વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

### યુવાનોને લઈને વડિલો વચ્ચે માથાકૂટ

## ધારીનાં કુબડા ગામે યુવક અને યુવતીનાં મૈત્રી કરાર બાબતે મારામારીની ઘટના બની

અમરેલી, તા. ૨૬

ધારી તાલુકાના કુબડા ગામે રહેતા કરશનભાઈ રામભાઈ મકવાણા નામના ૪૭ વર્ષિય રત્ન કલાકારની દિકરી સેજલએ સંજયભાઈ ભનુભાઈ દાફડા (રહે.કુબડા) સાથે મૈત્રી કરાર કરી લીધેલ હોય અને હાલ તે નવસારી રહેતા હોય અને તે તા.૨૪ના રોજ કુબડા ગામે ખરખરાના કામે સેજલ તથા સંજય આવેલ હોય, જેથી તે જ ગામે રાહેતા બાબુભાઈ ગીગાભાઈ દાફડાને રત્ન કલાકારે કહેલ કે તમારા ભત્રીજાએ મારી દીકરી સાથે મૈત્રી કરાર ભલે કરી લીધેલ હોય, પણ અમારી સામે ન રહેવા દો, તેમ કહેતા આરોપી બાબુભાઈ દાફડાએ રત્ન કલાકારને જેમ ફાવે તેમ ગાળો આપી, લાકડી વડે માથામાં કપાળ ના ભાગે ઘા મારી દેતા ઈજા થયેલ જયારે આરોપી સંજય ભનુભાઈ દાફડાએ છરી કાઢી જમણી સાઈડમાં છાતીના ભાગે છરકો કરી દીધેલ હોય આ અંગે ચાર સામે જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં સામા પક્ષે બાબુભાઈ ગીગાભાઈ દાફડાએ પણ આ બનાવમાં આરોપી કરશનભાઈ રામભાઈ મકવાણા, સુનિલભાઈ કરસનભાઈ મકવાણા, હિતેશભાઈ નાનજીભાઈ મકવાણા તથા સંજયભાઈ મધુભાઈ મકવાણાને કહેલ કે મારા પિતાજી મરણ ગયેલ હોય, જેથી સેજલ તથા સંજય ખરખરાના કામે આવેલ છે. થોડા દિવસ પછી તેઓ નવસારી જતા રહેશે. તેમ કહેતા આરોપીઓએ બાબુભાઈ ગીગાભાઈ દાફડાને તથા અન્યને ગાળો આપી શરીરે મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની સામી ફરિયાદ નોંધાય છે.

### સામાજીક અગ્રણી ઘનશ્યામભાઈ બારૈયાએ નારાજગી વ્યકત કરી

## લીલીયા મોટા : તાજેતરમાં લેવાયેલા નર્સિંગ ભરતીની પરીક્ષામાં વ્યાપક પ્રમાણમાં ગેરરીતી થયાનો આક્ષેપ

### સમગ્ર બનાવની નિષ્પક્ષ તપાસ કરવા માંગ ઉભી થઈ

લીલીયા મોટા, તા. ૨૬

લીલીયા મોટાના સામાજિક આગેવાન દ્વારા નર્સિંગની પરીક્ષાને લઈને પોતાની નારાજગી વ્યકત કરી જેમાં જણાવ્યું કે હમણાં જ તા. ૯/૨/૨૦૨૫માં લેવાયેલ નર્સિંગની પરીક્ષામાં ગેરરીતિ (કૌભાંડ) થયેલ છે. એક નવા પ્રકારની રીતે મોટો ભ્રષ્ટાચાર કરેલ છે. સરકારના પદાધિકારી અને તેમના મળતીયા દ્વારા ગોઠવણી મુજબ પ્રશ્નો મુકેલા હતા અને તેમના જવાબો ને એ.બી.સી.ડી. સિરિજ પ્રમાણે રાખીને મોટી ગેરરીતિ (કૌભાંડ) કરેલ છે. જે પૈસા લઈને કોઈ અભણને પણ જાણકારી આપે તો ૯૦% થી ૧૦૦% સુધીના માકર્સ લાવી શકે. અને લાગતા વળગતા તેમજ પૈસાના વહીવટથી જાણકારી આપીને મોટુ પાપ આચાર્યુ છે. જેના કારણે ઠોઠ વિદ્યાર્થીને સારા માકર્સ વહીવટથી મળી ગયા અને હોશિયાર વિદ્યાર્થી પાછળ રહી ગયા. જેણે પોતાનું ભવિષ્ય બનાવવા રાત દિવસ એક કરી મહેનત કરી છે તે વિદ્યાર્થીને મોટો અન્યાય થયો છે. માટે આ પરીક્ષા અને તેમનું પરિણામ રદ થાય અને ફરીવાર પરીક્ષા લેવાય તો જ સાચા, હોશિયાર વિદ્યાર્થીને ન્યાય મળશે. આટલું મોટુ કૌભાંડ થયેલ હોય તો પણ સરકાર દ્વારા ગુનેગાર સામે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી તેમજ આ સરકારના પદાધિકારીમાંથી કોઈ કઈ બોલવા તૈયાર નથી જેને લઈને સામાજિક આગેવાન ઘનશ્યામભાઈ બારૈયા દ્વારા નારાજગી વ્યકત કરવામાં આવેલ છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### મામલતદારને આવેદનપત્ર પાઠવાયુ

## સાવરકુંડલા : રેવેન્યુ તલાટી ભરતીનાં અભ્યાસક્રમ બદલવાની માંગ કરાઈ

### અભ્યાસક્રમની સમીક્ષા કરી ફેરફાર કરો


સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા તાલુકાના યુવા ઉમેદવારો ધ્વારા રેવન્યુ તલાટીની ભરતીના અભ્યાસક્રમમાં પરિવર્તન લાવવા માટે સામૂહિક આવેદનપત્ર સાવરકુંડલા મામલતદારને સુપ્રત કરવામાં આવ્યું છે. આવેદનપત્ર રેવન્યુ તલાટીની પરીક્ષાના જાહેર થયેલા અભ્યાસક્રમમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવાની માંગ સાથે રજૂ કરવામાં આવ્યું છે. યુવા મિત્રોએ જણાવ્યું કે અભ્યાસક્રમમાં રહેલી કેટલીક ખામીઓને કારણે ઉમેદવારોને તૈયારીમાં મૂંઝવણ થઈ રહી છે. જેના કારણે ભરતી પ્રકિયાની નિષ્પક્ષતા અને પારદર્શિતા જળવાઈ રહે તે માટે અભ્યાસક્રમમાં જરૂરી ફેરફારોની જરૂર છે. આ



આવેદનપત્ર ધ્વારા યુવાનોએ મામલતદાર વિનંતી કરી છે કે અભ્યાસક્રમની સમીક્ષા કરીને યોગ્ય ફેરફારો કરવામાં આવે જેથી ઉમેદવારોને ન્યાય મળી શકે. આ પ્રસંગે યુવા ઉમેદવારોએ એક જૂટ થઈને તેમના હક્કો માટે અવાજ ઉઠાવ્યો અને સરકારી તંત્ર પાસે ઝડપી અને ન્યાયી પગલાંની અપેક્ષા વ્યકત કરી. આ બાબતે સાવરકુંડલા યુવા સમુદાયે એકતા અને સંગઠનનું ઉદારણ પુરું પાડયું છે. આ મુદ્દે વધુ ચર્ચા અને નિરાકરણ માટે યુવા મિત્રો સતત સંપર્કમાં રહેશે અને જરૂર પડયે આગળની કાર્યવાહી કરશે.

## સાવરકુંડલાનું ગૌરવ



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા શહેરના યુવા શિક્ષક અને સંશોધક ડો. આસિફ ડી. કુરેશીએ તા. ૨૧/૫/૨૦૨૫ના રોજ પોતાનું PhD સંશોધન સફળતા પૂર્વક પૂર્ણ કર્યુ છે. તેઓએ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના શારીરિક શિક્ષણ વિભાગમાંથી માર્ગદર્શક ડો. ડી.એફ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ "યોગ અને સંઘ વ્યાયામ પ્રવૃત્તિઓની સ્વાસ્થ્ય સંબંધિત યોગ્યતા અને શરીર શાસ્ત્રીય વિષયક પાસાઓ ઉપર થતી અસરો" વિષય પર PhD ડિગ્રી મેળવી છે. આ તકે તેમના માર્ગદર્શક ડો. ડી. એફ. ચૌધરી, ડો. પી. એમ. કાસુન્દ્રા (ડીન) તથા તમામ ગુરૂજનો, ડો. એ. જી. કુરેશી અને સહઅધ્યાયી મિત્રોએ અભિનંદન પાઠવી સારા ભવિષ્ય માટે આશિર્વચન આપ્યા હતા.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

## રાજુલા : વીકટર ગામેથી અલગ-અલગ ટ્રકમાંથી ડીઝલની ચોરી કરનાર ઈસમો ઝડપાયા

### આરોપી દિનેશ બારૈયા વિરૂઘ્ધ કાર્યવાહી શરૂ કરાઈ

અમરેલી, તા. ૨૬

અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ.વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ ગઈકાલે રાજુલાન પીપાવાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હોય તે દરમ્યાન તેઓને મળેલ બાતમીના આધારે તેમજ ટેકનીકલ સોર્સન આધારે પીપાવાવ ફોર–વે ચોકડી પાસેથી રાજુલા તાલુકાના છતડીયા ગામે રહેતા દિનેશ મધુભાઈ બારૈયા નામના ઈસમને શંકાસ્પદ ડીઝલ સાથે પકડી પાડેલ હતો. તેમની પાસેથી મળી આવેલ ડીઝલ અંગે પુછપરછ કરી, અને ટેકનીકલ રીતે ખરાઈ કરતા, મળી આવેલ ડીઝલ વીકટર ગામે દીવાલ બંધ



પાર્કિંગમાંથી અલગ અલગ ટ્રકમાંથી ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ હતી. અને તેમની પાસેથી રોકડ રકમ રૂપિયા ૩,૪૦૦ તથા ડીઝલ ૩૫ લીટર કેરબા સહિત કિંમત રૂપિયા ૩,૨૮૫ મળી કુલ કિંમત રૂપિયા ૬,૬૮૫નો મુદ્દામાલ કબજે કરી મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનનો ચોરીનો ગુનો ડીટેકટ કરવામાં અમરેલી એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે.

# દામનગરમાં આસ્થા અને ઉત્સાહભેર 'જયોતિ કળશ'નું સ્વાગત કરાયુ









દામનગર શહેરમાં જયોતિ કળશનું આગમન સત્કાર સામૈયા જયોતિ કળશનું ઉડપા ખાતે આચાર્ય પરિવારના નિવાસ સ્થાનથી પ્રસ્થાન શહેરના મુખ્ય રાજમાર્ગો ઉપર ફરી શહેરના સરદાર ચોક ખાતે ભવ્ય સત્કાર સામૈયા કરાયા સરદાર ચોકથી શકિતપીઠ ગાયત્રી મંદિર પરિસરમા સાંજે આધારે આલમ ધ્વારા સામુહિક દીપ જયોતિ મહાઆરતી યોજાય ધર્મ ઉલ્લાસથી જયોતિ કળશનું ઠેર ઠેર સ્વાગત સત્કાર સામૈયા કરતી નાની બાળાઓ કુંમકુંમ તિલક જયોતિ કળશ યાત્રાનો સત્કાર કરાયો હતો. શાંતિકુંજ હરિદ્વાર પૂજય ગુરૂદેવની તપોભૂમિથી પ્રસ્થાન જયોતિ કળશ યાત્રા શહેરમાં આગમન થતા ખૂબ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુ ભાવિકો એ સત્કાર સામૈયા ઉત્સાહ ભેર હાજરી આપી હતી. સામાજીક સ્વૈચ્છિક ધાર્મિક સંસ્થાઓના અગ્રણી વેપારીએ જયોતિ કળશ યાત્રાના આગમનથી ખુબ ખુશી વ્યકત કરી દર્શન પૂજન અર્ચનનો લાભ મેળવ્યો હતો.

## ૩ કિ.મી. માર્ગ નવો બને અને ૫ કિ.મી. નવો માર્ગ ન બને

# આ તે કેવુ : બાબરા-વાસાવડ માર્ગ બનાવવાને લઈને આશ્ચર્ય ફેલાયુ

### થોડો માર્ગ બને અને થોડો માર્ગ ન બને તેને લઈને વાહન ચાલકોમાં વેધક પ્રશ્ન ઉભો થયો

### ટ્રાફિકથી ધમધમતાં બાબરા-ગોંડલ સુધીનાં માર્ગમાં વચ્ચેનો માર્ગ બનાવવામાં નિયમોનો ઉલાળીયો કે શું ?

### અનેક પવિત્ર સ્થળો પણ માર્ગ ઉપર આવેલ હોય શ્રધ્ધાળુઓ પણ આશ્ચર્ય અનુભવે છે

### માર્ગ-મકાન વિભાગે માર્ગની કામગીરીની વિગત દર્શાવતું જાહેર બોર્ડ લગાડવું જોઈએ

બાબરા, તા. ૨૬

બાબરા-વાસાવડ હાઈ વે GJ SH ૩૧ હમણાં થોડા સમય પૂર્વે સરકાર દ્વારા નવો હાઈ વે રોડ બનાવવા માટે મંજુર થયો હતો. નવો રોડ બાબરાથી રાંદલના દડવા અને વાસાવડની સીમ સુધી મંજુર થયેલ છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડ નવો બનાવવાની કામગીરી કરી કરવામાં આવી તેમાં સંપૂર્ણપણે અધુરી છે. બાબરાથી રોડ બનવવાનો શરૂ થાય તો ૩ કી.મી. નવો રોડ બનાવ્યો અને ૫ કી.મી. નવો રોડ ન બનાવ્યો. ફરી તેના ૩ કી.મી. નવો રોડ બનાવ્યો અને ૫ કી.મી. નવો રોડ ન બનાવ્યો!!! આવું છેક રાંદલના દડવા અને વાસાવડની સીમ સુધી નવો રોડ બનાવવાનું નાટક કરવામાં આવેલ છે. ૩ કી.મી. નવો રોડ અને ૫ કી.મી. જુનો રોડ!!! બાબરાથી વાસાવડ સુધી આવું નવો રોડ-જુનો રોડ-નવો રોડ-જુનો રોડ કરેલ છે આવું ચાલે ? આવું કામ કર્યુ શા માટે કર્યુ ?? આવી રીતે અધુરી કામગીરી કરી છે તેથી સબંધિત વિભાગ દ્વારા ભ્રષ્ટાચાર આચરાયો હોવાની પણ ગંધ આવે છે. જો સબંધિત વિભાગ દ્વારા ભ્રષ્ટાચાર નથી કરાયો તો નવો રોડ-જુનો રોડ આવી કામગીરી કરી શું કામ તે યક્ષ પ્રશ્ન છે ????

કાગળ ઉપર બાબરાથી વાસાવડ સંપૂર્ણપણે નવો રોડ બની ગયો હોય તેવું લાગે છે. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. આ આ હાઈ વે રોડ પર બબ્બે પ્રસિદ્ધ યાત્રાધામ આવેલા છે. જેમાં અનુક્રમે પુષ્ટિમાર્ગીય હવેલીનું ઘરાઈ (બાલમુકુન્દ) ગામ અને રાંદલ માતાજીનું દડવા ગામ. આ બન્ને ગામમાં દેશ-વિદેશમાંથી દર્શનાર્થીઓ નિત્ય આવતાં જ હોય છે. જયાં રોડ નથી બનાવેલ તે જુના રોડ પર મસ-મોટા ગાબડા હોવાથી મુસાફરો/યાત્રિકો તેમજ સ્થાનિક નાગરિકોને ખુબજ તકલીફ પડે છે. કોઈ બીમાર દર્દીને હોસ્પિટલમાં બાબરા અથવા ગોંડલ કે રાજકોટ લઈ જવા હોય તો આ રોડ પરથી મહામુસીબતે પસાર થવાય છે. ગર્ભવતી મહિલાઓને આવા ખરાબ રોડ પર મુસાફરી કરવામાં ખુબજ કષ્ટ-પીડા ભોગવવી પડે છે. આવા અત્યંત ખરાબ રોડના કારણે કયાંક રસ્તામાં જ પ્રસવ ન થઈ જાય તેની ગર્ભવતી મહિલાઓને તેમજ તેના કુટુંબીજનોને ખુબજ ડર લાગે છે!! આવા ખરાબ રોડના કારણે આ રોડ પર આવતા ગ્રામજનોને રોડ પર મુસાફરીના કારણે કમર, ગોઠણ અને હાડકાં ના ગંભીર દુ:ખાવા થઈ જવા પામ્યા છે. કરોડો રૂપિયાનો ટેક્ષ ભરવા છતાંય આઝાદીના ૭૫ વર્ષ પછી પણ દેશની આવી હાલત છે કેવી કરૂણા!

બીજું કે આ રોડ ભાવનગર- પોરબંદર-જુનાગઢ -સોમનાથ- બગસરા જવા માટે પણ ખુબજ અનુકુળ હોઈ અહી એસ.ટી. બસ / પ્રાઈવેટ બસ / ટ્રક તેમજ ખાનગી વાહનોનું પરિવહન અવિરતપણે ચાલુ જ હોય છે. સતત ૨૪ કલાક ધમધમતાં આ રોડ પર નીકળવું મુસાફરો માટે દુષ્કર બન્યું છે.


**શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત**

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

**શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ**

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧, મો. ૯૩૧૩૪ ૮૦૮૦૧

**પ્રવેશની ઉત્તમ તક...**

વર્ષ-૨૦૨૫માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3

- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન ક્લાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી www.mdscollege.org

શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮


## હોસ્પિટલનાં તબીબ ડો. રામભાઈ આહીરે પોલીસ ફરિયાદ નોંધાવી

# અમરેલીની રાધિકા (ગોળ) હોસ્પિટલનાં CEOને ધમકી આપીને રૂપિયા ૧૩ લાખની ખંડણી મંગાઈ

### રકમ ન આપે તો પાર્ટી કરતાં હોય તેવો વિડીયો વાયરલ કરવાની ધમકી

અમરેલી, તા. ૨૬

અમરેલીનાં ચિતલ માર્ગ ઉપર આવેલ નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ સંચાલિત રાધિકા (ગોળ) હોસ્પિટલનાં સીઈઓને ધમકી આપીને રૂપિયા ૧૩ લાખની ખંડણી મંગાતા હોસ્પિટલનાં તબીબ ડો. રામભાઈ આહીરે જયેશ લીંબાણી અને અજાણ્યા વ્યકિતઓ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવેલ છે.

ફરિયાદમાં જણાવેલ છે કે, અમરેલીમાં ટ્રસ્ટ સંચાલીત એક હોસ્પિટલના સીઈઓ દ્વારા દારૂની પાર્ટી કરવામાં આવતી હોવાનાં વીડિયો અને ફોટા વાયરલ કરવાની એક ધમકી આપીને સીઈઓને બ્લેકમેઈલિંગ કરી રૂા. ૪૦ લાખ વસુલવાનું ષડયંત્ર પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી છે. જેમાં નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ સંચાલિત ગોળ હોસ્પિટલનાં સંચાલકનો વારંવાર સંપર્ક કરીને કથિત પત્રકાર સહિત બે શખ્સોએ એક સપ્તાહથી રૂપિયા માંગતા હોવાની પોલીસ ફરિયાદ નોંધાવાતા તપાસનો ધમધમાટ ચાલુ કરવામાં આવ્યો છે.

આ ચકચારી ખંડણી પ્રકરણમાં અમરેલીમાં આવેલી નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ સંચાલિત ગોળ હોસ્પિટલમાં ગત તા. ૧૭ના રોજ જયેશ લીંબાણી નામના શખ્સનો ફોન આવેલ અને તેણે પત્રકાર હોવાની ઓળખ આપી અહીં સીઈઓ તરીકે ફરજ બજાવતા ડો. અર્પણ જાનીની એક મેટર હોવાનું કહ્યું હતું.

બાદમાં કથિત પત્રકાર જયેશ લીંબાણી અને એક અજાણ્યો શખ્સ રૂબરૂ મળવા આવ્યા હતા અને સીઈઓ ડો. અર્પણ જાનીનાં વીડિયો અને ફોટા બતાવ્યા હતા, ફાર્મ હાઉસમાં દારૂ-ડાન્સની પાર્ટી કરતા હોવાનું દેખાતું હતું. જે બતાવીને એક પાર્ટી પાસે વધુ વીડિયો-ફોટા હોવાનું કહીને અખબાર, ચેનલો, સોશ્યલ મીડિયામાં બદનામ ન થવું હોય તો તેની સાથે બેઠક કરી રૂા. ૪૦ લાખ આપવા અન્યથા બધું વાયરલ કરી દેવાની ધમકી આપી હતી.

પરિણામે ગંભીર મામલે આ હોસ્પિટલના સંચાલક ડો. રામ ભુવાએ સીઈઓ અર્પણ જાનીને વાત કરીને કથિત પત્રકાર જયેશ લીંબાણી સાથે ફોનમાં અને રૂબરૂ વાતચીત કરાવીને તમામ વીડિયો-ફોટા સાથે પાર્ટીને લઈને આવવા કહ્યું હતું. પરંતુ તેણે માત્ર પોતાના મોબાઈલ ફોનમાં એક વ્યકિત સાથે વાત કરાવી દીધી, તેમણે પણ વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને પૈસાની ખંડણી માંગી હતી. બાદમાં વારંવાર કથિત પત્રકાર જયેશના વ્હોટસએપ કોલ આવ્યા અને ધાક-ધમકી આપવા સાથે સમજાવટથી મામલો થાળે પાડી લેવાનું કહીને ખંડણીની રકમમાં પણ રૂા. ૪૦ લાખથી ઘટાડીને છેલ્લે રૂા. ૧૩ લાખ આપીને સમાધાન કરી લેવા સુધી વાત પહોંચાડી હતી.

જે રકમ આપ્યાનું નોટરાઈઝ લખાણ પણ આપશે એવી વાત કરીને ગોળ હોસ્પિટલ ખાતે ગઈકાલે શનિવારે સિધ્ધરાજસિંહ સોલંકી નામની વ્યકિતના નામનો ૧૦૦ રૂપિયાનો સ્ટેમ્પ પેપર પણ મોકલ્યો હતો. જો કે, આખ્ખો ઘટનાક્રમ શંકાસ્પદ જણાતા આખરે આજે ગોળ હોસ્પિટલના સંચાલક ડો. રામ ભુવાએ પત્રકાર જયેશ લીંબાણી અને ફોનમાં વાતચીત સમયે ખંડણી માંગનાર અજાણ્યા શખ્સ વિરૂધ્ધ અમરેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા તપાસ સાયબર ક્રાઈમના પી.આઈ.એ. શરૂ કરેલ છે.

## ધારી : સુરત રૂટની એસ.ટી. બસનાં કંડકટરે પ્રમાણિકતા દાખવી



ધારી, તા. ૨૬

ધારીથી સુરત જતી બસમાં એક લેડીઝ પેસેન્જરનું પર્સ અને તેમાં રહેલ ૨ મોબાઈલ જેની આશરે કિંમત ૭૦૦૦૦ હજાર અને રોકડ રકમ ૪૫૦૦ જે પેસેન્જર વડોદરા ઉતરી જતા તેમનું ભુલાય ગયેલ જે ફરજ પરના કંડકટર અબ્દુલભાઈ નાડને જાણે આવતા તેમને તેમના મૂળ માલિકનો સંપર્ક કરી વડોદરાના ટ્રાફિક કંટ્રોલર અને ડ્રાઈવર ભરતભાઈ કાતરીયા સાથે રાખી મૂળ માલિકને પરત કરી એક પ્રમાણિકતાનું ઉદાહરણ સાબિત કરેલ છે.


**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.94268 31241









**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



**ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ**

મેડીકલેઈમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઈન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઈ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



ફ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...

**મગડી ગુંદીના લાડુ**

નાયલોન તથા વાટીદાળનાં **ખમણ**

પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ

તેમજ અવનવા તાજા ફરસાણ મળશે

સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી

બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો

તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી હાજરમાં મળશે

શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫










### ૧૪૦ કરોડ ભારતીયો એક વિકાસ ભારત બનાવવા માટે એક થયા છે

# આપણા દેશની પ્રગતિ માટે જે કંઈ જરૂરી છે તે અહીં ભારતમાં થવું જોઈએ : મોદી

### વડાપ્રધાન મોદી દ્વારા ગુજરાતના દાહોદમાં ૨૪,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પિત કર્યા

દાહોદ, તા.૨૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતના દાહોદમાં ૨૪,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પિત કર્યા. સભાને સંબોધતા તેમણે ટિપ્પણી કરી કે ૨૬ મેનો દિવસ ખાસ મહત્વ ધરાવે છે. કારણ કે તે ૨૦૧૪ માં તેમણે પહેલી વાર પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા હતા. તેમણે ગુજરાતના લોકોના અતૂટ સમર્થન અને આશીર્વાદનો સ્વીકાર કર્યો, જેમણે તેમને રાષ્ટ્રનું નેતૃત્વ કરવાની જવાબદારી સોંપી. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે આ વિશ્વાસ અને પ્રોત્સાહને દિવસ-રાત દેશની સેવા કરવાના તેમના સમર્પણને વેગ આપ્યો છે. વર્ષોથી, ભારતે એવા નિર્ણયો લીધા છે જે અભૂતપૂર્વ અને અકલ્પનીય હતા, દાયકાઓ જૂના અવરોધોથી મુક્ત થઈને અને દરેક ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છે. "આજે, રાષ્ટ્ર નિરાશા અને અંધકારના યુગમાંથી આત્મવિશ્વાસ અને આશાવાદના નવા યુગમાં ઉભરી આવ્યું છે", તેમણે ઉમેર્યું હતું.

"વિકસિત ભારત બનાવવા માટે ૧૪૦ કરોડ ભારતીયો એક થયા છે", એમ કહીને મોદીએ ભારતમાં આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદનના મહત્વ પર ભાર મૂક્યો, અને કહ્યું કે આત્મનિર્ભરતા એ સમયની જરૂરિયાત છે. તેમણે ટિપ્પણી કરી કે ભારત વૈશ્વિક ઉત્પાદન ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમણે નોંધ્યું કે સ્થાનિક ઉત્પાદન અને નિકાસ બંને સતત વધી રહ્યા છે. ભારત હવે સ્માર્ટફોન, ઓટોમોબાઈલ, રમકડાં, સંરક્ષણ સાધનો અને દવાઓ સહિત વિવિધ ઉત્પાદનોની નિકાસ કરી રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે ભારત માત્ર રેલ અને મેટ્રો ટેકનોલોજીનું ઉત્પાદન જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે તેની નિકાસ પણ કરી રહ્યું છે. દાહોદને આ પ્રગતિનું મુખ્ય ઉદાહરણ ગણાવતા, જ્યાં હજારો કરોડના મોટા પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. પીએમ મોદીએ દાહોદ ઈલેક્ટ્રિક લોકોમોટિવ ફેક્ટરીને એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે પ્રકાશિત કરી. તેમણે ત્રણ વર્ષ પહેલાં તેનો શિલાન્યાસ યાદ કર્યો અને ગર્વ વ્યક્ત કર્યો કે પ્રથમ ઈલેક્ટ્રિક લોકોમોટિવ હવે સફળતાપૂર્વક બનાવવામાં આવ્યું છે. તેમણે લોકોમોટિવને લીલી ઝંડી બતાવી, જે ગુજરાત અને સમગ્ર રાષ્ટ્ર માટે ગૌરવની ક્ષણ છે. વધુમાં, તેમણે જાહેરાત કરી કે ગુજરાતે તેના રેલવે નેટવર્કનું ૧૦૦% વીજળીકરણ હાંસલ કર્યું છે, તેને એક નોંધપાત્ર સીમાચિહ્નરૂપ ગણાવ્યું અને આ સિદ્ધિ માટે ગુજરાતના લોકોને અભિનંદન આપ્યા હતા.

દાહોદ સાથેના પોતાના લાંબા સમયથી જોડાયેલા સંબંધો અને આ પ્રદેશ સાથે સંકળાયેલી ઘણી યાદોને યાદ કરતા, પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી કે તેઓ દાયકાઓથી દાહોદની મુલાકાત લઈ રહ્યા છે, અને તેમના શરૂઆતના વર્ષો દરમિયાન તેઓ ઘણીવાર સાયકલ પર આ વિસ્તારની શોધખોળ કરતા હતા. તેમણે ભાર મૂક્યો કે આ અનુભવોએ તેમને દાહોદના પડકારો અને સંભાવના બંનેને સમજવામાં મદદ કરી . મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી પણ, તેમણે ઘણી વખત આ પ્રદેશની મુલાકાત લેવાનું ચાલું રાખ્યું અને તેની સમસ્યાઓના ઉકેલ માટે નિર્ણાયક પગલાં લીધાં. તેમણે ભાર મૂક્યો કે દાહોદમાં દરેક વિકાસ પહેલ તેમને અપાર સંતોષ આપે છે, અને આજનો દિવસ તેમના માટે વધુ એક અર્થપૂર્ણ દિવસ છે.

છેલ્લા ૧૦-૧૧ વર્ષોમાં ભારતના રેલવે ક્ષેત્રના ઝડપી વિકાસ પર પ્રકાશ પાડતા પીએમ મોદીએ મેટ્રો સેવાઓના વિસ્તરણ અને સેમી-હાઈ-સ્પીડ ટ્રેનોની શરૂઆત પર ભાર મૂક્યો, જે દેશભરમાં કનેક્ટિવિટીમાં પરિવર્તન લાવે છે. તેમણે ટિપ્પણી કરી કે વંદે ભારત ટ્રેનો હવે લગભગ ૭૦ રૂટ પર કાર્યરત છે, જે ભારતના પરિવહન નેટવર્કને વધુ મજબૂત બનાવે છે. તેમણે અમદાવાદ અને વેરાવળ વચ્ચે નવી વંદે ભારત એક્સપ્રેસ શરૂ કરવાની જાહેરાત કરી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારતમાં આધુનિક ટ્રેનોનો ઉદય દેશની ટેકનોલોજીમાં પ્રગતિને કારણે છે. તેમણે ભાર મૂક્યો હતો કે કોચ અને લોકોમોટિવ્સ હવે સ્થાનિક સ્તરે બનાવવામાં આવે છે, જેનાથી આયાત પર નિર્ભરતા ઓછી થાય છે. "ભારત રેલવે સાધનોના અગ્રણી નિકાસકાર તરીકે ઉભરી આવ્યું છે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે ભારત ઓસ્ટ્રેલિયાને મેટ્રો કોચ અને ઈંગ્લેન્ડ, સાઉદી અરેબિયા અને ફ્રાન્સને ટ્રેન કોચ નિકાસ કરે છે. તેમણે ઉમેર્યું હતું કે મેક્સિકો, સ્પેન, જર્મની અને ઈટાલી પણ ભારતમાંથી રેલવે સંબંધિત ઘટકોની આયાત કરે છે. પ્રધાનમંત્રી મોદીએ વધુમાં ટિપ્પણી કરી હતી કે ભારતીય પેસેન્જર કોચનો ઉપયોગ મોઝામ્બિક અને શ્રીલંકામાં થઈ રહ્યો છે, અને 'મેડ ઈન ઈન્ડિયા' લોકોમોટિવ્સ અનેક દેશોમાં નિકાસ કરવામાં આવી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે આ 'મેક ઈન ઈન્ડિયા' પહેલના સતત વિસ્તરણને પ્રતિબિંબિત કરે છે, જે રાષ્ટ્રીય ગૌરવને મજબૂત બનાવે છે.

"મજબૂત રેલવે નેટવર્ક સુવિધામાં વધારો કરે છે અને ઉદ્યોગો અને કૃષિને વેગ આપે છે", પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી. તેમણે ભારતના ઘણા પ્રદેશોને છેલ્લા દાયકામાં પહેલીવાર રેલવે કનેક્ટિવિટી મળી હોવાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ટિપ્પણી કરી કે ગુજરાતના ઘણા વિસ્તારોમાં પહેલા ફક્ત નાની, ધીમી ગતિની ટ્રેનો હતી, પરંતુ હવે ઘણા નેરો-ગેજ રૂટનો વિસ્તાર કરવામાં આવ્યો છે. દાહોદ અને વલસાડ વચ્ચે નવી એક્સપ્રેસ ટ્રેન સહિત અનેક રેલવે રૂટના ઉદ્ઘાટનની જાહેરાત કરતા , જે આદિવાસી પટ્ટાને મોટો ફાયદો કરાવશે, પ્રધાનમંત્રીએ જણાવ્યું કે ફેક્ટરીઓ યુવાનો માટે મોટા પાયે રોજગારીની તકો ઉભી કરે છે. તેમણે ભાર મૂક્યો કે દાહોદની રેલ ફેક્ટરી ૯,૦૦૦ હોર્સપાવર લોકોમોટિવનું ઉત્પાદન કરશે, જે ભારતની ટ્રેનોની શક્તિ અને ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે, નોંધ્યું કે દાહોદમાં ઉત્પાદિત દરેક લોકોમોટિવ શહેરનું નામ લેશે. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી કે આગામી વર્ષોમાં સેંકડો લોકોમોટિવ બનાવવામાં આવશે, જે સ્થાનિક યુવાનો માટે નોંધપાત્ર રોજગારીનું સર્જન કરશે. તેમણે ભાર મૂક્યો કે ફેક્ટરી રેલવે ઘટકોનું ઉત્પાદન કરતા નાના પાયે ઉદ્યોગોને પણ ટેકો આપશે, જેનાથી આસપાસના વિસ્તારોમાં આર્થિક વિકાસ થશે. તેમણે જણાવ્યું હતું કે રોજગારની તકો ફેક્ટરીથી આગળ વધે છે, જેનાથી ખેડૂતો, પશુપાલકો, દુકાનદારો અને મજૂરોને ફાયદો થાય છે , જેનાથી વ્યાપક આર્થિક પ્રગતિ સુનિશ્ચિત થાય છે.

પીએમ મોદીએ એ વાત પર ભાર મૂક્યો કે ગુજરાતે શિક્ષણ, આઈટી, સેમિકન્ડક્ટર અને પર્યટન સહિત અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. તેમણે ભાર મૂક્યો કે રાજ્યએ વિવિધ ઉદ્યોગોમાં પોતાને અગ્રણી તરીકે સ્થાપિત કર્યું છે. તેમણે ટિપ્પણી કરી કે ગુજરાતમાં હજારો કરોડના રોકાણ સાથે એક મોટો સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થાપિત થઈ રહ્યો છે, જે વૈશ્વિક સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં ભારતનું સ્થાન વધુ મજબૂત બનાવશે. તેમણે જણાવ્યું હતું કે આ પહેલો ગુજરાતમાં લાખો યુવાનો માટે રોજગારની નવી તકો ઉભી કરી રહી છે, જે રાજ્યના આર્થિક વિકાસ અને વિકાસમાં ફાળો આપી રહી છે. દાહોદ , વડોદરા, ગોધરા, કલોલ અને હાલોલ એ ગુજરાતમાં સંયુક્ત રીતે હાઈ-ટેક એન્જિનિયરિંગ અને મેન્યુફેક્ચરિંગ કોરિડોર સ્થાપિત કર્યો છે તે વાત પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી કે વડોદરા વિમાન ઉત્પાદનમાં ઝડપથી આગળ વધી રહ્યું છે, જેમાં થોડા મહિના પહેલા એરબસ એસેમ્બલી લાઈનનું ઉદ્ઘાટન થયું હતું. તેમણે નોંધ્યું કે વડોદરા ભારતની પ્રથમ ગતિ શક્તિ યુનિવર્સિટીનું ઘર પણ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સાવલીમાં પહેલેથી જ એક મોટી રેલ-કાર ઉત્પાદન ફેક્ટરી છે, જ્યારે દાહોદ હવે ભારતના સૌથી શક્તિશાળી લોકોમોટિવ્સ - ૯,૦૦૦ હોર્સપાવર એન્જિન-નું ઉત્પાદન કરતી સુવિધા ધરાવે છે, જે રાષ્ટ્ર માટે ગર્વની ક્ષણ છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે ગોધરા , કલોલ અને હાલોલમાં ઉત્પાદન એકમો, નાના ઉદ્યોગો અને MSMEsની નોંધપાત્ર હાજરી છે, જે ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં ફાળો આપે છે. ભવિષ્યની કલ્પના કરતા જ્યાં ગુજરાતનો આ પ્રદેશ સાયકલ અને મોટરસાયકલથી લઈને રેલવે એન્જિન અને વિમાન સુધી - દરેક વસ્તુના ઉત્પાદન માટે જાણીતો બનશે, પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી કે આવો હાઈ-ટેક એન્જિનિયરિંગ અને મેન્યુફેક્ચરિંગ કોરિડોર વૈશ્વિક સ્તરે દુર્લભ છે, જે ઔદ્યોગિક પાવરહાઉસ તરીકે ગુજરાતની સ્થિતિને મજબૂત બનાવે છે.

"વિકસિત ભારતનું નિર્માણ કરવા માટે આદિવાસી વિસ્તારોનો વિકાસ જરૂરી છે", શ્રી મોદીએ ભાર મૂક્યો, અને ભાર મૂક્યો કે છેલ્લા ૧૧ વર્ષમાં આદિવાસી સમુદાયોના ઉત્થાન માટે અભૂતપૂર્વ પ્રયાસો કરવામાં આવ્યા છે. તેમણે ટિપ્પણી કરી કે ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં કામ કરવાનો તેમનો લાંબો અનુભવ રાષ્ટ્રીય સ્તરની પહેલોમાં ફાળો આપે છે. શ્રી મોદીએ તે સમયને યાદ કર્યો જ્યારે ગુજરાતમાં આદિવાસી બાળકો વિજ્ઞાનના અભ્યાસમાં પડકારોનો સામનો કરતા હતા. તેમણે ભાર મૂક્યો કે આજે, સમગ્ર આદિવાસી પટ્ટામાં ગુણવત્તાયુક્ત શિક્ષણની સુવિધા છે, જેમાં સારી કોલેજો, મેડિકલ કોલેજો અને બે સમર્પિત આદિવાસી યુનિવર્સિટીઓ છે જે આ સમુદાયોને સેવા આપે છે. છેલ્લા ૧૧ વર્ષોમાં એકલવ્ય મોડેલ શાળાઓનું નેટવર્ક નોંધપાત્ર રીતે મજબૂત બન્યું છે, જેનાથી આદિવાસી વિદ્યાર્થીઓ માટે વધુ સારી શૈક્ષણિક તકો સુનિશ્ચિત થઈ છે. તેમણે નોંધ્યું કે દાહોદમાં પોતે ઘણી એકલવ્ય મોડેલ શાળાઓ છે, જે આદિવાસી શિક્ષણને વધુ ટેકો આપે છે.

દેશભરમાં આદિવાસી સમુદાયોના વિકાસ માટે થઈ રહેલા મહત્વપૂર્ણ પ્રયાસો પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં પ્રથમ વખત, આદિવાસી ગામડાઓના ઉત્થાન માટે એક મોટી યોજના શરૂ કરવામાં આવી છે. તેમણે ટિપ્પણી કરી હતી કે ' ધરતી આબા જનજાતિ ગ્રામ ઉત્કર્ષ 'અભિયાન' એક સીમાચિહ્નરૂપ પહેલ છે, જેમાં કેન્દ્ર સરકાર આ કાર્યક્રમના અમલીકરણ માટે આશરે ૮૦,૦૦૦ કરોડનું રોકાણ કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે આ યોજના હેઠળ, ગુજરાત સહિત દેશભરના ૬૦,૦૦૦થી વધુ ગામડાઓમાં વિકાસ કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે જીવનની ગુણવત્તા સુધારવા માટે આ ગામડાઓને વીજળી, પાણી, રસ્તાઓ, શાળાઓ અને હોસ્પિટલોથી સજ્જ કરવામાં આવી રહ્યા છે. તેમણે ભાર મૂક્યો હતો કે આદિવાસી પરિવારો માટે પાકા મકાનો બનાવવામાં આવી રહ્યા છે, જે સમુદાય માટે સારી રહેવાની સ્થિતિ સુનિશ્ચિત કરે છે.

### કચ્છમાં પીએમ મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

# કચ્છ સાથે તો મારો જૂનો સંબંધ છે : ભુજની સભામાં બોલ્યા મોદી

### ભુજમાં વડાપ્રધાન મોદીનો રોડ શો યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં લોકોની ભીડ એકઠી થયેલી જોવા મળી

કચ્છ, તા.૨૬

વડાપ્રધાન મોદી ૨ દિવસના ગુજરાત પ્રવાસે છે. ત્યારે આજે ભુજમાં તેમનો રોડ શો યોજાયો. જેમાં મોટી સંખ્યામાં લોકોની ભીડ એકઠી થયેલી જોવા મળી હતી. આ સાથે જ ભુજમાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રોડ શો બાદ તેમની જનસભા યોજાઈ હતી. આ સભામાં પણ મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી. જેમાં પીએમ મોદીએ તેમના સંબોધનમાં મોટી વાત કહી હતી. આપને જણાવી દઈએ કે પીએમ મોદીએ આજે ભુજમાં ૫૩ હજાર કરોડથી વધુના વિકાસના કામોનું લોકાર્પણ કર્યું હતું.

પોતાના સંબોધનમાં પીએમ મોદીએ લોકોને કહ્યું કે કચ્છ સાથે મારો જૂનો સંબંધ છે. ઉપરાંત તેમણે કહ્યું કે કચ્છમાં પાણી ન હતું તે મેં જોયું છે. પરંતુ અહીંયાના ખેડૂતો ઘણા પાણીદાર છે. જે ભૂમિ પર હજારો વર્ષો પહેલા ધોળાવીરા થયું હોય તે ભૂમિમાં જરૂર કોઈ તાકાત છે. કચ્છએ લોકોને જણાવ્યું છે કે આપત્તિને અવસરમાં બદલી શકાય છે. પીએમ મોદીએ કહ્યું કે જ્યારે અહીયા ભૂકંપ આવ્યો ત્યારે લોકોને લાગ્યું કે હવે અહીંયા કશું નહીં થઈ શકે.ભૂકંપને લઈને પીએમ મોદીએ કહ્યું મને વિશ્વાસ હતો કે કચ્છ આ ફરી ઊભું થશે. અને એવું જ થયું આજે કચ્છ વેપાર અને કારોબારનું મોટું સેન્ટર છે. જે હવે કચ્છને વિકાસની ગતિ આપું છે. ત્યારે મને લાગે છે કે હજુ અહીંયા કંઈ કરી શકીશ. આ સાથે જ તેમણે કહ્યું આજે અહીંયા ૫૦ હજાર કરોડના વિકાસના કામોનું લોકાર્પણ થશે પણ એક સમય એવો હતો કે આખા ગુજરાતમાં પણ ૫૦ હજારના વિકાસના કામો નહોતા થતા. પરંતુ આજે તો માત્ર કચ્છમાં જ ૫૦ હજાર કરોડથી વધુના વિકાસના કામોનું લોકાર્પણ થશે.

ઉપરાંત પીએમ મોદીએ જણાવ્યું કે આપણું કચ્છ ગ્રીન હાઈડ્રોજનનું હબ બની રહ્યું છે. આવનારા સમયમાં કાર, બસ, સ્ટ્રીટ લાઈટ બધું ગ્રીન હાઈડ્રોજનથી ચાલશે. કંડલા દેશના ૩ ગ્રીન હાઈડ્રોજન પૈકીનું એક છે. સાથે જ તેમણે કહ્યું કે કચ્છ સોલાર ક્રાંતિમાં પણ આગળ છે. દુનિયાના સૌથી મોટા સોલર પ્રોજેક્ટો પૈકી એક કચ્છમાં છે.

આ સાથે જ પીએમ મોદીએ કહ્યું કે એક સમયે એવો હતો કે કચ્છ એટલે શું? આ તો રણ છે. પણ એ સમયે હું કહેતો હતો કે આ કચ્છ અમારા ગુજરાતનું તોરણ છે. વડાપ્રધાને કહ્યું કે અમારી સરકારનો પ્રયાસ છે કે તમને પર્યાપ્ત વીજળી મળે અને વીજળીનું બિલ શૂન્ય આવે. પીએમ સૂર્ય ઘર યોજનાનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું ઘણા લોકોએ અત્યાર સુધીમાં આ યોજનાનો લાભ લીધો છે. પીએમ મોદીએ કહ્યું કે આજે પાકિસ્તાનને પણ ઈર્ષા થાય તેવું કચ્છ બનાવ્યું છે. ઓપરેશન સિંદૂરને લઈને તેમણે કહ્યું, "અમારી નીતિ ઝીરો ટોલરન્સની નીતિ છે. જોકે જે પણ ભારતીયોનું લોહી કાઢશે તેને તેની જ ભાષામાં જવાબ અપાશે. ભારત પર આંખ ઉઠાવવા વાળા કોઈ કિંમતમાં બક્ષવામાં આવે. ઓપરેશન સિંદૂર માનવતાની રક્ષા અને આતંકવાદના અંતનું મિશન છે. ૨૨ મે પછી મે ક્યારેય કંઈ છુપાવ્યું નથી. બિહારની જનસભામાં મે જાહેર કરી હતી કે આતંકવાદને માટીમાં મેળવી દીધી. ૧૫ દિવસ સુધી રાહ જોઈ કે પાકિસ્તાન આતંકવાદ સામે કોઈ પગલું લેશે પરંતુ આતંકવાદ જ તેમની રોજીરોટી છે. જ્યારે તેમણે કશું ન કર્યું ત્યારે મે દેશની સેનાને છૂટ આપી દીધી."

આ સિવાય તેમણે કહ્યું કે ભારતના ટાર્ગેટ પર આતંકવાદીઓના ઠેકાણા હતા. જેમાં પર સટીક વાર કરવામાં આવ્યો હતો. આપણી સેના કેવી રીતે કામ કરે છે તે લોકોએ જોયું. દુનિયાને અમે બતાવ્યું કે આતંકવાદના અડ્ડાઓને ઘરમાં બેઠા બેઠા માટીમાં ભેળવી શકે છે. ભારતની કાર્યવાહીથી પાકિસ્તાન કેવી રીતે ઉચુંનીચું થયું તે આપણે જોયું. ૯ તારીખે કચ્છમાં પણ ડ્રોન મોકલ્યા હતા. પરંતુ તેઓ ૧૯૭૧ને ભૂલી ગયા કે જ્યારે મહિલાઓએ રોડ સરખો કર્યો અને સેનાએ ફરીથી તેમના પર હુમલો કર્યો હતો.

વધુમાં તેમણે કહ્યું કે આપણે આતંકી ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા. જોકે તેમણે આપણા ત્યાં સ્થાનિક પર હુમલો કર્યો. ભારતની સેનાએ પણ પાકિસ્તાનના એરબેઝને તબાહ કરી નાખ્યા હતા. જેને જોઈને દુનિયા હેરાન થઈ ગઈ હતી અને પાકિસ્તાન ધ્રુજી ઉઠેલું. પાકિસ્તાનના હુમલાનો જવાબ અમે એવી રીતે આપ્યો કે પાકિસ્તાનના એરબેઝ આજે પણ આઈસીયુમાં છે. ભારતનું રૌદ્ર રૂપ જોઈને પાકિસ્તાને સફેદ ઝંડો ફેલાવવાનો શરૂ કરી દીધો.

પીએમ મોદીએ કહ્યું કે ભારતની લડાઈ સીમા પાર આતંકવાદ સાથે છે. પાકિસ્તાનના લોકોને પણ હું કહેવા માગીશ કે શું મેળવ્યું તમે? ભારત આજે વિશ્વની ચોથી અર્થ વ્યવસ્થા છે અને તમે શું મેળવ્યું? ત્યાંની સેનાનો પોતાનો અલગ એજન્ડા છે. પાકિસ્તાનના લોકોને મોદીએ કહ્યું કે તમારી સરકાર અને તમારી સેના આતંકવાદને સમર્થન આપી રહી છે.

# વડોદરાની હજારો મહિલાઓની વિશાળ હાજરીનો આભાર માનતા વડાપ્રધાન મોદી

### રાષ્ટ્ર અને તેના સશસ્ત્ર દળોનું સન્માન કરવા માટે એકત્ર થયેલી વડોદરાની હજારો મહિલાઓની વિશાળ હાજરી

દાહોદ, તા.૨૬

રાષ્ટ્ર અને તેના સશસ્ત્ર દળોનું સન્માન કરવા માટે એકત્ર થયેલી વડોદરાની હજારો મહિલાઓની વિશાળ હાજરીનો આભાર માનતા વડાપ્રધાન મોદીએ ભારતની મહિલાઓ પ્રત્યે તેમના અતૂટ સમર્થન બદલ ઊંડો આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરી. તેમણે ભાર મૂક્યો કે દાહોદ બલિદાન અને સમર્પણની ભૂમિ છે, તેમણે યાદ કર્યું કે મહર્ષિ દધીચીએ દુધિમતી નદીના કિનારે સૃષ્ટિની રક્ષા માટે પોતાનું જીવન બલિદાન આપ્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ એ પણ નોંધ્યું કે આ પ્રદેશે કટોકટીના સમયમાં સ્વાતંત્ર્ય સેનાની તાત્યા ટોપેને ટેકો આપ્યો હતો અને માનગઢ ધામ ગોવિંદ ગુરુ અને સેંકડો આદિવાસી યોદ્ધાઓ દ્વારા આપવામાં આવેલા બલિદાનનું પ્રતીક છે. ભારતના સાંસ્કૃતિક મૂલ્યો અન્યાય સામે કાર્યવાહીની માંગ કરે છે તેના પર ભાર મૂકતા, જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી શું રાષ્ટ્ર ચૂપ રહી શકે છે તે પ્રશ્ન ઉઠાવતા પીએમએ કહ્યું, "ઓપરેશન સિંદૂર માત્ર લશ્કરી



કાર્યવાહી નહોતી પરંતુ ભારતના મૂલ્યો અને લાગણીઓનું પ્રતિબિંબ હતું". તેમણે ટિપ્પણી કરી કે આતંકવાદીઓને તેમના કાર્યોના પરિણામોનો કોઈ ખ્યાલ નહોતો, તેમણે એક પિતાને તેના બાળકોની સામે મારવાની ક્રૂરતાને યાદ કરી. તેમણે કહ્યું કે આવી છબીઓ હજુ પણ સમગ્ર દેશમાં ગુસ્સો ભડકાવે છે, કારણ કે ૧૪૦ કરોડ ભારતીયોને આતંકવાદ દ્વારા પડકારવામાં આવ્યા હતા.

પ્રધાનમંત્રીએ જાહેર કર્યું કે તેમણે રાષ્ટ્રના નેતા તરીકેની તેમની જવાબદારી નિભાવી, ભારતના સશસ્ત્ર દળોને સંપૂર્ણ સ્વતંત્રતા આપી, જેમણે દાયકાઓથી અદ્રશ્ય ઓપરેશન હાથ ધર્યું. તેમણે ભાર મૂક્યો કે સરહદ પારના નવ મુખ્ય આતંકવાદી કેન્દ્રોને ૨૨ મિનિટમાં ઓળખી કાઢવામાં આવ્યા અને નાશ કરવામાં આવ્યા, અને જણાવ્યું કે પાકિસ્તાનની સેનાએ બદલો લેવાનો પ્રયાસ કર્યો પરંતુ ભારતીય દળો દ્વારા નિર્ણાયક રીતે પરાજિત થઈ. તેમણે ભારતના સશસ્ત્ર દળોની બહાદુરી પ્રત્યે ઊંડો આદર વ્યક્ત કર્યો, દાહોદની પવિત્ર ભૂમિ પરથી તેમની હિંમત અને સમર્પણને સલામ કરી .

પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે ભાગલા પછી જન્મેલા દેશે ભારત પ્રત્યે દુશ્મનાવટ અને નુકસાન પહોંચાડવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. "બીજી બાજુ, ભારત ગરીબી નાબૂદ કરવા, તેના અર્થતંત્રને મજબૂત બનાવવા અને વિકાસ પ્રાપ્ત કરવા માટે પ્રતિબદ્ધ છે", તેમણે ઉમેર્યું હતું. પ્રધાનમંત્રીએભાર મૂક્યોહતોકેવિકસિત ભારતનું નિર્માણ ત્યારે જ થઈ શકે છે જ્યારે તેના સશસ્ત્ર દળો અને અર્થતંત્ર બંને મજબૂત હોય. તેમણે જણાવ્યું હતું કે સરકાર આ દિશામાં સતત કામ કરી રહી છે, રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક વિકાસ સાથે સાથે ચાલે છે તેની ખાતરી કરી રહી છે.

દાહોદની અપાર સંભાવનાઓપર પ્રકાશ પાડતા, આ કાર્યક્રમ તેની ક્ષમતાઓની માત્ર એક ઝલક હોવાનુંજણાવીનેપીએમ મોદીએ દાહોદના મહેનતુ લોકોમાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો, ભાર મૂક્યોકેતેઓનવી વિકસિત સુવિધાઓનો શ્રેષ્ઠ ઉપયોગ કરશે અને દાહોદને દેશના સૌથી વિકસિત જિલ્લામાં પરિવર્તિત કરશે. તેમણે દાહોદના લોકોને ફરી એકવાર અભિનંદન આપીને તેમના સમર્પણ અને પ્રગતિમાં વિશ્વાસ વ્યક્ત કર્યો કનેક્ટિવિટી વધારવા અને વિશ્વ કક્ષાની મુસાફરી માળખાગત સુવિધાઓ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાને અનુરૂપ, પ્રધાનમંત્રીએ દાહોદમાં ભારતીય રેલવેના લોકોમોટિવ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું. આ પ્લાન્ટ સ્થાનિક હેતુઓ માટે અને નિકાસ માટે ૯૦૦૦ HPના ઈલેક્ટ્રિક લોકોમોટિવનું ઉત્પાદન કરશે. તેમણે પ્લાન્ટમાંથી ઉત્પાદિત પ્રથમ ઈલેક્ટ્રિક લોકોમોટિવને પણ લીલી ઝંડી બતાવી. આ લોકોમોટિવ્સ ભારતીય રેલવેની માલવાહક ક્ષમતા વધારવામાં મદદ કરશે. આ લોકોમોટિવ્સ રિજનરેટિવ બ્રેકિંગ સિસ્ટમ્સથી સજ્જ હશે, અને ઊર્જા વપરાશ ઘટાડવા માટે ડિઝાઈન કરવામાં આવી રહ્યા છે, જે પર્યાવરણીય ટકાઉપણુંમાં ફાળો આપે છે.

દાહોદમાં ૨૪,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કર્યું. આ પ્રોજેક્ટ્સમાં રેલ પ્રોજેક્ટ્સ અને ગુજરાત સરકારના વિવિધ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. તેમણે વેરાવળ અને અમદાવાદ વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ અને વલસાડ અને દાહોદ સ્ટેશનો વચ્ચે એક્સપ્રેસ ટ્રેનને પણ લીલી ઝંડી આપી હતી.

### ભારતને મળશે નવું નજરાણું

# સરકાર ગોવામાં કરશે ૧૫,૦૦૦ કરોડનો ખર્ચ

### હવે એફિલ ટાવર જોવા પેરિસ જવાની જરૂર નહીં પડે

નવી દિલ્હી, તા.૨૬

ગરમીની રજાઓ શરૂ થઈ ગઈ છે અને દર વર્ષે જેમ કે આ વખતે પણ લાખો પ્રવાસીઓ ગોવા ફરવા નીકળી ગયા છે. પ્રવાસીઓની આ સંખ્યા કારણે દર વર્ષે ગોવાના રસ્તાઓ પર ભયંકર ટ્રાફિક જામ થાય છે, જે સ્થાનિક લોકો અને દૂરથી આવતા પ્રવાસીઓ માટે મુશ્કેલીનું કારણ બને છે. પરંતુ, જલ્દી જ આ સમસ્યાનો ઉકેલ આવી રહ્યો છે. કેન્દ્ર સરકારે રાજ્યની આસપાસ રિંગ રોડ બનાવવાનો નિર્ણય કર્યો છે. સાથે જ એફિલ ટાવર જેટલી ઊંચાઈ પર ઓબ્ઝર્વેટરી બનાવવાની પણ તૈયારી છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયે ગોવામાં ટ્રાફિક જામની સમસ્યાથી મુક્તિ મેળવવા માટે જલ્દી જ મહારાષ્ટ્ર અને કર્ણાટક રાજ્યને જોડતા રિંગ રોડ બનાવવાનો નિર્ણય કર્યો છે. આ પ્રોજેક્ટની કિંમત ૧૨થી ૧૫ હજાર કરોડ રૂપિયા છે. અગાઉ રાજ્યના ટૂરિઝમ વિભાગે કેન્દ્ર સરકારને અપીલ કરી હતી કે, આંતરરાજ્ય ટ્રાફિકને તેના મુખ્ય પ્રવાસન સ્થળોથી અલગ કરી દેવામાં આવે, જેથી પ્રવાસીઓની અવરજવર સરળ બને.

આ રિંગ રોડની શરૂઆત મહારાષ્ટ્ર-ગોવા સીમા પર આવેલા પત્રાદેવીથી થશે, જે ગોવાનો બાહ્ય વિસ્તાર છે. અહીંથી આ રોડ કર્ણાટક સીમા સાથે જોડાશે, જે ગોવાના સેન્ટ્રલ હાઈવેને પાર કરશે. આ રિંગ રોડ ખાસ કરીને ગોવા જતાં ટ્રાફિકને રિંગ રોડના માર્ગ પર વાળવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. તેનો સૌથી વધુ ફાયદો રજાઓના દિવસોમાં અથવા ટૂરિસ્ટ સીઝનમાં થશે.

હાલ ટૂરિસ્ટ સીઝનમાં ગોવાનો હાઈવે, ખાસ કરીને રાષ્ટ્રીય રાજમાર્ગ, ટ્રાફિકના કારણે ઠપ થઈ જાય છે, કારણ કે, આ પર સ્થાનિક લોકો ઉપરાંત પ્રવાસીઓ અને અન્ય રાજ્યોમાંથી આવતા લોકોની લાંબી કતારો લાગી જાય છે. આ રિંગ રોડ એવા વાહનો માટે વિકલ્પ હશે, જેમનું ગંતવ્ય ગોવા નથી. આથી સ્થાનિક રસ્તાઓ પરનો બોજ ઘણો ઓછો થઈ જશે.

કેન્દ્ર અને ગોવાની સરકારએ નક્કી કર્યું છે કે, રાજ્યમાં ટૂરિઝમને વધારવા માટે માત્ર ટ્રાફિકનો બોજ ઘટાડવા પર જ નહીં, પરંતુ નવા ટૂરિસ્ટ સ્પોટ પણ બનાવવામાં આવશે. આ અંતર્ગત પેરિસના આઈફિલ ટાવર જેવી જુરાઈ પુલ પર ઓબ્ઝર્વેટરી પણ બનાવવામાં આવશે. અહીંથી પ્રવાસીઓ કુદરતી દ્રશ્યોનો આનંદ લઈ શકશે. આ જ કારણ છે કે રાજ્ય સરકારની અપીલ પર કેન્દ્રએ PPP મોડ પર રિંગ રોડ પ્રોજેક્ટ શરૂ કરવાની જાહેરાત કરી છે.

આ રિંગ રોડ તૈયાર થયા પછી માત્ર ટૂરિઝમને જ પ્રોત્સાહન મળશે નહીં, પરંતુ તે વેપાર વધારવામાં પણ મદદરૂપ થશે. આ રિંગ રોડ દ્વારા મહારાષ્ટ્ર અને કર્ણાટક સાથે વેપાર કરવો અને માલની પરિવહન કરવું પણ સરળ બની જશે. સરકારએ આ રિંગ રોડને પૂર્ણ કરવા માટે ૪ લેનની સડક અને બ્રિજના નિર્માણની પણ તૈયારી કરી છે. આ દ્વારા ગોવા સરકારને દર વર્ષે હજારો કરોડ રૂપિયાની આવક પણ થશે. સરકારની મકસદ ગોવાને ગ્લોબલ ટૂરિસ્ટ હબ બનાવવાની છે, જેની શરૂઆત ઓબ્ઝર્વેટરીના નિર્માણથી થશે.

### ગુજરાતમાં ૮૩ કેસ, કુલ સંક્રમિતોની સંખ્યા ૧ હજારને પાર

# દેશમાં કોરોનાની વાપસી! કુલ ૧૬ રાજ્યોમાં ફેલાયો નવો વેરિએન્ટ

### ભારતમાં કોરોના વાયરસના કેસમાં વધારો : સૌથી વધુ કેસ કેરલમાં આવ્યા : દિલ્હીમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૦૪

નવી દિલ્હી, તા.૨૬

કોરોના વાયરસનો ફરી દેશમાં પ્રવેશ થઈ ગયો છે, જેના પર સ્વાસ્થ્ય મંત્રાલયથી લઈને રાજ્ય સરકારો નજર રાખી રહી છે. સોમવારે સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર કોરોનાથી સક્રિય કેસની સંખ્યા ૧૦૦૯ પહોંચી ગઈ છે. જેમાંથી ૭૫૨ કેસની પુષ્ટિ તાજેતરમાં થઈ છે. છેલ્લા બે સપ્તાહમાં આ આંતકો ૨૫૭ જણાવવામાં આવ્યો હતો, પરંતુ સોમવારે આવેલા નવા આંકડામાં કેસ વધી ગયા છે. આ સાથે ૭ મોતની પુષ્ટિ પણ સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી કરવામાં આવી છે, જેમાં મહારાષ્ટ્રમાં ૪, કેરલમાં ૨ અને કર્ણાટકમાં ૧ના મોતની જાણકારી છે.

કોવિડ-૧૯ના નવા કેસની વાત કરવામાં આવે તો આ સમયે સૌથી વધુજે રાજ્યમાં કેસ છે તે કેરળ છે. કેરળમાં સૌથી વધુ ૪૩૦ સક્રિય કેસ નોંધાયેલા છે. મહારાષ્ટ્રમાં એક્ટિવ કેસ ૨૦૯, દિલ્હીમાં ૧૦૪, ગુજરાતમાં ૮૩, તમિલનાડુમાં ૬૯, કર્ણાટકમાં ૬૯ કેસ છે. ઉત્તરપ્રદેશમાં ૧૫, રાજસ્થાનમાં ૧૩, પશ્ચિમ બંગાળમાં ૧૨, પોંડુચેરીમાં ૯, હરિયાણામાં ૯, આંધ્ર પ્રદેશમાં ૪, મધ્યપ્રદેશમાં ૨, છત્તીસગઢમાં ૧, ગોવા અને તેલંગણામાં એક-એક સક્રિય કેસ છે. ભારતમાં કુલ કેસની સંખ્યા ૧૦૦૯ છે.સ્વાસ્થ્ય મંત્રાલયના સત્તાવાર સૂત્રો પાસેથી તાજેતરમાં મળેલી જાણકારી પ્રમાણે હાલમાં રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર (NCDC), ઈમરજન્સી મેડિકલ રિલીફ (EMR) વિભાગ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) અને કેન્દ્રીય સરકારી હોસ્પિટલના નિષ્ણાંતોની એક સમીક્ષા બેઠક સ્વાસ્થ્ય સેવા ડિરેક્ટર જનરલ (DGHS) ની અધ્યક્ષતામાં આયોજીત થઈ હતી, જેમાં કોવિડ પર ચર્ચા થઈ હતી.રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પણ કોરોનાના કેસ સતત વધી રહ્યાં છે. દિલ્હીમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા ૧૦૪ થઈ ગઈ છે. તાજેતરમાં દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રીએ લોકોને ચિંતા ન કરવાની અપીલ કરી હતી. સ્વાસ્થ્ય મંત્રી ડોક્ટર પંકજ સિંહે કહ્યુ કે આપણી હોસ્પિટલ દરેક સ્થિતિ માટે તૈયાર છે. ઓક્સીજન સહિત તમામ વ્યવસ્થા તૈયાર છે.

# જ્યોતિ મલ્હોત્રાના ડિજિટલ ડેટાની તપાસમાં ઘટસ્ફોટ

નવી દિલ્હી, તા.૨૬

પહલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર ધરપકડ કરવામાં આવેલી જ્યોતિ મલ્હોત્રાના મોબાઈલ ફોન અને ઈલેક્ટ્રોનિક ગેજેટ્સમાંથી મહત્ત્વનો ખુલાસો થયો છે. ડિજિટલ ફોરેન્સિક તપાસમાં તે પાકિસ્તાનના ISI સાથે જોડાયેલી હોવાનો ખુલાસો થયો છે. તે ISI દ્વારા બનાવવામાં આવેલી યોજનામાં એસેટ હતી.

હિસાર પોલીસે જ્યોતિના મોબાઈલ અને લેપટોપમાંથી ૧૨મ્નો ડિજિટલ ફોરેન્સિક ડેટા રિકવર કર્યો છે. પોલીસે હાલ ધરપકડની માગ કરી નથી. તે તમામ ડિજિટલ પુરાવાઓની ઊંડાણપૂર્વક તપાસ કરશે. પ્રારંભિક ડેટામાં જ્યોતિના ખાતામાં શંકાસ્પદ મની ટ્રેલની જાણ થઈ છે. જ્યોતિ ચાર PIOsના સંપર્કમાં હતી. તેના વિશે જ્યોતિ જાણતી હતી. ડિજિટલ ડેટામાં કોઈ ગ્રૂપ ચેટ જોવા મળી નથી. માત્ર વન-ઑન-વન વાતચીતના પુરાવા મળ્યા છે. પહેલી વાર પાકિસ્તાનની મુલાકાત લીધા બાદ જ્યોતિને સ્પેશિયલ વિઝા અને ISI અને પાકિસ્તાન ગૃહ મંત્રાલયની મંજૂરીથી સુરક્ષા મળી હતી. ISI સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સને લાલચ આપી જાસૂસ બનાવવાનું ષડયંત્ર રચે છે. તેમણે જ્યોતિને પણ લાલચ, વીઆઈપી સુવિધાઓ આપી જાસૂસ બનાવી હોવાની આશંકા છે. તેના પાકિસ્તાન પ્રવાસના વીડિયો બાદ ફોલોઅર્સ અને વ્યૂજમાં અચાનક વૃદ્ધિ આવી હતી. જ્યોતિના ડિજિટલ ડેટાના પુરાવાઓ તે જાસૂસ હોવાની ખાતરી કરી રહ્યા છે. તે PIOsના ઈશારાઓ પર કામ કરી રહી હતી, જેથી તેને વ્યક્તિગત લાભ મળી શકે. ઉલ્લેખનીય છે કે, હિસાર પોલીસને અત્યારસુધી સંવેદનશીલ માહિતી લીક કરી હોવાના પુરાવા મળ્યા નથી. જ્યોતિને મળનારા ફંડનો સ્રોત જાણવા તપાસ ચાલુ છે. સ્કોટિશ યુટ્યૂબર કેલમ મીલે માર્ચ, ૨૦૨૫માં એક વીડિયો અપલોડ કર્યો હતો. જેમાં શંકાસ્પદ પાકિસ્તાની જાસૂસ જ્યોતિ મલ્હોત્રા પાકિસ્તાનના રસ્તાઓ પર ચાલતી જોવા મળે છે. વીડિયોમાં જ્યોતિની સાથે AK-47 રાઈફલ્સથી સજ્જ છ ગનમેન જોવા મળે છે. આ ગનમેન જ્યોતિને વીઆઈપી સુરક્ષા પ્રદાન કરતાં જોવા મળ્યા છે.

### પક્ષે ફટકારી નોટિસ

# યુપીમાં ભાજપ નેતાનો મહિલા સાથેનો કથિત વીડિયો વાઇરલ

## આ વીડિયોમાં અમરકિશોર કશ્યપ એક મહિલા સાથે વાંધાજનક સ્થિતિમાં જોવા મળી રહ્યો છે

ગોંડા, તા.૨૬

ઉત્તર પ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીના ગોંડા જિલ્લાના પ્રમુખ અમરકિશોર કશ્યપનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા, પક્ષે તેને નોટિસ ફટકારીને કારણ જણાવવા કહ્યું છે. આ વીડિયોમાં અમરકિશોર કશ્યપ એક મહિલા સાથે વાંધાજનક સ્થિતિમાં જોવા મળી રહ્યો છે. આ વીડિયો વાઈરલ થતાં જ સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની ગયો, જેના કારણે ભાજપની સંગઠનાત્મક છબી પર પ્રશ્નો ઉભા થવા લાગ્યા.ર

ભાજપ પ્રદેશ અધ્યક્ષ ભૂપેન્દ્ર ચૌધરીના નિર્દેશ પર, પાર્ટીના પ્રદેશ મહાસચિવ અને ભાજપ મુખ્યાલયના પ્રભારી ગોવિંદ નારાયણ શુક્લાએ અમરકિશોર કશ્યપને આ નોટિસ જારી કરી છે. નોટિસમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે, તેમણે સાત દિવસની અંદર પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવાની રહેશે, નહિ તો પક્ષ તેમની સામે શિસ્તભંગની કાર્યવાહી કરી શકે છે.

ભાજપમાં હંમેશા શિસ્ત અને જાહેર છબી અંગે કડક વલણ રહ્યું છે. પાર્ટીનું કહેવું છે કે જાહેર જીવનમાં અધિકારીઓએ તેમના વર્તનમાં શિષ્ટાચાર જાળવવો જોઈએ. એટલા માટે પાર્ટી કોઈપણ પ્રકારના વાંધાજનક વર્તન પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાની નીતિ અપનાવે છે. આને ધ્યાનમાં રાખીને, પાર્ટીએ તાત્કાલિક નોંધ લીધી છે અને નોટિસ જારી કરી છે. તેમજ પંચાયત ચૂંટણીઓમાં પણ તેમની સક્રિય ભૂમિકા હોવાથી આવિવાદ માત્ર તેમની છબીને જ નહિ પરંતુ પાર્ટીની સ્થાનિક તૈયારીઓને પણ અસર કરી શકે છે.

રાજ્ય નેતૃત્વ આ સમગ્ર મામલા પર ગંભીર નજર રાખી રહ્યું છે અને નોટિસનો જવાબ મળ્યા પછી જ આગળની કાર્યવાહી પર વિચાર કરવામાં આવશે. આ ઘટના દ્વારા ભાજપે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તે તેના નેતાઓના વ્યક્તિગત વર્તન પર કડક વલણ અપનાવશે અને સંગઠનની છબીને કોઈ નુકસાન થવા દેશે નહિ.

### સેન્સેક્સ-નિફ્ટીમાં બમ્પર ઉછાળો

# સપ્તાહના પહેલા દિવસે શેરબજાર ગ્રીન ઝોનમાં બંધ

## સેન્સેક્સ ૪૫૫ પોઈન્ટના ઉછાળા સાથે ૮૨,૧૭૬.૪૫ પર બંધ : નિફ્ટી ઉછાળા સાથે ૨૫,૦૦૧.૧૫ પર બંધ

મુંબઈ, તા.૨૬

ટ્રેડિંગ સપ્તાહના પહેલા દિવસે શેરબજાર ગ્રીન ઝોનમાં બંધ થયું. બીએસઈ પર સેન્સેક્સ ૪૫૫ પોઈન્ટના ઉછાળા સાથે ૮૨,૧૭૬.૪૫ પર બંધ થયો. જ્યારે એનએસઈ પર નિફ્ટી ૦.૬૦ ટકાના ઉછાળા સાથે ૨૫,૦૦૧.૧૫ પર બંધ થયો. સોમવારે ઓટો, આઈટી અને મેટલ શેરોમાં વધારાને કારણે બેન્ચમાર્ક ઈક્વિટી સૂચકાંકો વધારા સાથે ટ્રેડ થયા. આજના ટ્રેડિંગ દરમિયાન એમએન્ડએમ, ટાટા મોટર્સ, એલએન્ડટી નેસ્લે ઈંન્ડિયા, એચસીએલટેક અને ટેક મહેન્દ્રાના શેર સેન્સેક્સ પર ટોપ ગેઈનર્સની યાદીમાં સામેલ હતા. જ્યારે ઈટરનલ (જોમેટો), કોટક મહિન્દ્રા બેંક, એચડીએફસી બેંકના શેર ટોપ લુઝર્સની યાદીમાં સામેલ હતા.

બધા ક્ષેત્રીય સૂચકાંકોમાં વધારો નોંધાયો, જેમાં નિફ્ટી ઓટો ઈન્ડેક્સ (૧.૦૮ ટકા), નિફ્ટી આઈટી ઈન્ડેક્સ (૧.૦૧ ટકા) અને નિફ્ટી મેટલ ઈન્ડેક્સ (૦.૯૨ ટકા)નો સમાવેશ થાય છે. સોમવારે ભારતીય બેન્ચમાર્ક સૂચકાંકો, સેન્સેક્સ અને નિફ્ટી, ઊંચા વેપારમાં હતા, જેનું નેતૃત્વ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા યુરોપિયન યુનિયન સાથે વેપાર વાટાઘાટો માટે સમયમર્યાદા લંબાવવાના નિર્ણય પછી બેંકિંગ અને ઓટો શેરોમાં વધારો થયો હતો. આનાથી વેપાર તણાવ ઓછો કરવામાં મદદ મળી છે. ટ્રેડિંગ સપ્તાહના પહેલા દિવસે શેરબજાર ફ્લેટ ખુલ્યું. બીએસઈ પર સેન્સેક્સ ૪૦૩ પોઈન્ટના વધારા સાથે ૮૨,૧૨૪.૬૯ પર ખુલ્યું. જ્યારે નિફ્ટી એનએસઈ પર ૦.૫૦ ટકાના વધારા સાથે ૨૪,૯૭૬.૫૦ પર ખુલ્યું.

ભારતનો આર્થિક વૃદ્ધિ દર સતત વધી રહ્યો છે. આ સાથે ભારત ૪ લાખ કરોડ ડોલરની ઈકોનોમી સાથે જાપાનને પાછળ છોડી વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બન્યો છે. વિવિધ રેટિંગ એજન્સીઓએ આગળ પણ જીડીપી ગ્રોથ વેગવાન રહેવાનો આશાવાદ આપ્યો છે. બીજી બાજુ વૈશ્વિક સ્તરે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપિયન પ્રોડક્ટ્સ પર ટેરિફ ડેડલાઈન વધારતાં અન્ય દેશોને પણ આ રાહત મળે તેવો સંકેત આપ્યો છે. સેક્ટોરલ સેન્ટિમેન્ટ પણ પોઝિટિવ બન્યા છે. બાયિંગ વેલ્યૂ વધી છે. આજે મોટાભાગના સેક્ટરોલ ઈન્ડેક્સ ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતાં.

### અમદાવાદથી સોમનાથ ૭ કલાકમાં પહોંચાશે

# પીએમ મોદીએ વેરાવળમાં વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપી

## વંદે ભારત ટ્રેન સપ્તાહમાં ૬ દિવસ કાર્યરત રહેશે

અમદાવાદ, તા.૨૬

દેશના પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથ મહાદેવ મંદિર આવનારા યાત્રાળુઓ માટે સરકાર દ્વારા સૌથી મોટી ભેટ આપવામાં આવી છે. જેમાં વંદે ભારત ટ્રેનને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લીલી ઝંડી આપી દીધી છે. અઠવાડિયામાં ૬ દિવસ વંદે ભારત ટ્રેન વેરાવળથી અમદાવાદ સાબરમતી વચ્ચે દોડશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે આજે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વેરાવળ (સોમનાથ)-સાબરમતી (અમદાવાદ) વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને આજથી લીલી ઝંડી આપી શરૂ કરવામાં આવતા સ્થાનિકો ઉપરાંત દેશભરના યાત્રિકો માટે ખૂબ જ ખુશીના સમાચાર છે.ગીર સોમનાથ જિલ્લો અનેક પ્રવાસન સ્થળો ધરાવે છે. જેમાં સોમનાથ મંદિર, એશિયાટીક સિંહોનું સાસણ, દીવ સહિત જિલ્લાની પ્રવાસન સર્કિટને વેગવંતી બનાવવા માટે તથા લોકોની સુખાકારીમાં વંદે ભારત ટ્રેન એક મહત્વનો ભાગ ભજવશે તથા દર્શનાર્થીઓ, પ્રવાસીઓ અને સ્થાનિકોને આરામદાયક મુસાફરીનો પણ લાભ લઈ શકશે.

વંદે ભારત ટ્રેન શરૂ થતા હવે રાજ્યભરમાંથી અને દેશ-વિદેશના યાત્રિકો સવારે સોમનાથ દર્શન કરી અને પરત સાંજે અમદાવાદ પહોંચી શકશે. સાથે સામાન્ય ચેરના રૂ. ૧૨૭૫ તેમજ એક્ઝિક્યુટિવ ચેરના ૨૩૦૦ રૂપિયા ભાડું રખાયું છે. જ્યારે ટ્રેનની સુવિધાની વાત કરીએ તો આરામદાયક મુસાફરી, અંદર ઠંડુ પીણાં, નાસ્તો વગેરે પણ યાત્રિકોને વંદે ભારત ટ્રેનમાં મળી શકશે.

હવેથી સાબરમતીથી સોમનાથ માત્ર સાત કલાકમાં લોકો પહોંચી શકશે. ભૂતકાળમાં ૧૦ થી ૧૨ કલાક સમય લેનાર ટ્રેન હવે સાત કલાકમાં જ સાબરમતીથી સોમનાથ પહોંચશે. જે દર ગુરુવાર સિવાય આ ટ્રેન સોમનાથથી સાબરમતી કાયમી માટે દોડશે.

સાંસદ રાજેશ ચુડાસમાએ જણાવ્યું હતું કે સોમનાથને હવે દેશના વિવિધ તીર્થો સાથે પણ જોડવા માટેની રેલવે મંત્રી અશ્વિનની વૈષ્ણવે ખાતરી આપી છે. ત્યારે સોમનાથ તીર્થમાં હવે દેશ-વિદેશના યાત્રિકો સરળ અને આરામદાયક મુસાફરી સાથે સોમનાથ દાદાના દર્શન કરી શકશે. તો વંદે ભારત ટ્રેનની મુસાફરી કરતા ભાવિકો પણ વંદે ભારત ટ્રેનને આવકારી દેશની બારેય જ્યોતિર્લિંગ સાથે આ ટ્રેનની કનેક્ટિવિટી જોડાય તેવી આશા રાખી રહ્યા છે જેથી દેશભરના સિનિયર સિટીઝનોને દેશના તમામ જ્યોતિર્લિંગના દર્શન થઈ શકે.

### પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફના નિવેદનથી ખળભળાટ

# બે દેશો વચ્ચેની લડાઈમાંથી અમેરિકા પૈસા કમાય છે

## અમેરિકા તેના લશ્કરી ઔદ્યોગિક સંકુલને ફાયદો પહોંચાડવા માટે વિશ્વભરના યુદ્ધોમાં બંને પક્ષે રમે છે

ઈસ્લામાબાદ, તા.૨૬

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફના અમેરિકા અંગેના નિવેદનથી ખળભળાટ મચી ગયો છે. તેમણે અમેરિકા પર આરોપ લગાવ્યો છે કે તે તેના શસ્ત્ર ઉદ્યોગને ફાયદો પહોંચાડવા માટે જાણી જોઈને વૈશ્વિક સંઘર્ષોને ભડકાવે છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન આપેલા તેમના નિવેદનથી સમગ્ર વિશ્વમાં અમેરિકા વિશે નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે.

ખ્વાજા આસિફનો આ વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન કહેતા જોવા મળે છે કે અમેરિકનો આખી દુનિયામાં ૧૦૦ વર્ષથી આવું કરી રહ્યા છે. તે આખી દુનિયામાં યુદ્ધો કરાવે છે. તેઓએ અત્યાર સુધીમાં લગભગ ૨૬૦ યુદ્ધો લડ્યા છે, જ્યારે ચીને ફક્ત ૩ યુદ્ધો લડ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે અમેરિકા હજુ પણ આ યુદ્ધોમાંથી પૈસા કમાઈ રહ્યું છે. અમેરિકા પાસે લશ્કરી ઉદ્યોગ અને તેના કોમ્પ્લેક્સ છે. આ તેમના GDPનો મુખ્ય ભાગ છે અને તેથી તેમને તેમના GDP વધારવા માટે યુદ્ધો લડવા પડે છે.

ખ્વાજા આસિફે કહ્યું કે, અમેરિકા હંમેશા બે દેશો વચ્ચે યુદ્ધ ઉશ્કેરે છે અને તેમાંથી પૈસા કમાય છે. ઉદાહરણો આપતાં તેમણે કહ્યું કે અફઘાનિસ્તાન, સીરિયા અને લિબિયામાં યુદ્ધો અમેરિકાએ લડ્યા હતા. આ દેશો પહેલા ખૂબ જ સમૃદ્ધ હતા અને હવે ત્યાં બધું બરબાદ થઈ ગયું છે. આ દેશોને હવે બેંક કરપ્ટ જાહેર કરવામાં આવ્યા છે.

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાને કહ્યું કે અમેરિકા તેના લશ્કરી ઔદ્યોગિક સંકુલને ફાયદો પહોંચાડવા માટે યુદ્ધોમાં બંને પક્ષોની ભૂમિકા ભજવે છે. તેમણે યુએસ સંરક્ષણ ક્ષેત્રની તુલના એક આર્થિક મશીન સાથે કરી જે અરાજકતા અને અસ્થિરતા પર ચાલે છે.

### આ મજબૂત દેશોએ લીધો ભારતનો પક્ષ

# જે OICના દમ પર કૂદાકૂદ કરતું હતું પાકિસ્તાન ત્યાં જ પ્લાનિંગ ફેલ

## પાકિસ્તાનને આશા હતી કે આખી દુનિયામાં જેટલા પણ મુસ્લિમ દેશો છે તે ભારત વિરુદ્ધ પાકિસ્તાનનો સાથ આપશે પરંતુ આશા ઠગારી નીવડી

ઈસ્લામાબાદ, તા.૨૬

ઈસ્લામિક દેશોના સંગઠન (OIC) માં પાકિસ્તાનને જોરદાર ફટકો પડ્યો છે અને ભારતની મોટી કૂટનીતિક જીત થઈ છે. એટલે કે જે દેશોના દમ પર પાકિસ્તાન ખુબ કૂદી રહ્યું હતું તેણે હવે ત્યાં પણ હારનો સામનો કરવો પડ્યો છે. એટલે કે નીચું જોવું પડ્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ જકાર્તામાં આયોજિત ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (OIC) સંસદીય યુનિયનની બેઠકમાં પાકિસ્તાને ફરીથી શર્મિંદગીનો સામનો કરવો પડ્યો છે. તેનો ભારત વિરોધી પ્રસ્તાવ સંપૂર્ણ રીતે ફગાવી દેવાયો છે. જ્યાં એક બાજુ ભારતે ૩૨ દેશોમાં સાત સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ મોકલીને પાકિસ્તાનના આતંકવાદ સમર્થનનો પર્દાફાશ કરવાની કોશિશ કરી તો બીજી બાજુ પાકિસ્તાનને લાગ્યું કે આ તક છે કે જ્યારે ઈસ્લામિક દેશોના સંગઠનમાં ભારત વિરુદ્ધ માહોલ બનાવવામાં આવે પરંતુ પાકિસ્તાનની આ ચાલ પર પાણી ફરી વળ્યું. પાકિસ્તાનના નાપાક મનસૂબાઓ પર પાણી ફેરવનારા દેશોમાં ઈન્ડોનેશિયા, ઈજિપ્ત અને બહેરીન જેવા દેશ આગળ રહ્યા. આ દેશોએ પાકિસ્તાનના ભારત વિરોધી પ્રસ્તાવને અટકાવી દીધો. મીડિયા રિપોર્ટ્સ મુજબ જકાર્તામાં સંસદીય સંઘ OIC ની બેઠક યોજાઈ હતી જ્યાં પાકિસ્તાન કાશ્મીર મુદ્દે ભારત વિરુદ્ધ કડક વલણ અપનાવવા માંગતું હતું. પરંતુ ઈન્ડોનેશિયા, ઈજિપ્ત અને બહેરીને મુસ્લિમ દેશો વચ્ચે ભારતને ઘેરવાની પાકિસ્તાનની કોશિશો નિષ્ફળ કરી. OIC માં પાકિસ્તાનનો પ્રસ્તાવ ફગાવવામાં આવ્યો તેનો એ અર્થ પણ છે કે ઈસ્લામિક દેશો વચ્ચે પાકિસ્તાનનો પ્રભાવ ઘણો ઘટી ગયો છે અને આ દેશ ભારતને પડખે છે.

ઈન્ડોનેશિયાએ ભારત વિરોધી સંદર્ભોનો વિરોધ કર્યો, જેમાં ઈજિપ્ત અને બહેરીને તેમનો સાથ આપ્યો. OIC ના દસ્તાવેજમાં પેલેસ્ટાઈન અને ગાઝાની સ્થિતિ પર કડક ટિપ્પણીઓ છે, પરંતુ ભારતની ટીકાને હળવી રાખવામાં આવી છે જે પાકિસ્તાન માટે મોટો ઝટકો છે.

પાકિસ્તાને દાવો કર્યો કે જકાર્તા બેઠકમાં તેણે ભારત વિરુદ્ધ સફળતા મેળવી પરંતુ હકીકત એ છે કે કાશ્મીર પર તેની કોશિશો OIC માં નિષ્ફળ રહી. OIC નું પાકિસ્તાનના પ્રસ્તાવને સમર્થન ન આપવું એ પણ એ વાતનો સંકેત છે કે તેનો ઈસ્લામિક દેશોમાં પ્રભાવ ઘટી ગયો છે અને આ દેશ ધીરે ધીરે ભારત બાજુ આવી રહ્યા છે.

આ ઘટના ભારતના સર્વપક્ષીય પ્રતિનિધિમંડળની બહેરીન યાત્રા બાદ ઘટી. જેનું નેતૃત્વ ભાજપના સાંસદ બૈજયંત જય પાંડાએ કર્યું. રવિવારે બહેરીનના નાયબ પ્રધાનમંત્રી શેખ ખાલિદ બિન અબ્દુલ્લા અલ ખલીફા સાથે મુલાકાત બાદ પ્રતિનિધિમંડળના સભ્ય ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ કહ્યું કે બહેરીન ભારતનો જૂનો મિત્ર છે અને OIC માં ભારતનું સમર્થન કરશે. આ પ્રતિનિધિમંડળ ઈજિપ્ત અને ઈન્ડોનેશિયા પણ જવાનું છે.

### નજીકની હાર્ટ હોસ્પિટલમાં લઈ ગયા હોત તો જીવ બચી જાત : પરિવાર

# વડોદરામાં PM મોદીના કાર્યક્રમમાં ૨૪ કલાક ફરજ બજાવનાર હોમગાર્ડ જવાનનું હાર્ટએટેકથી મોત

## રવિવારે આખો દિવસ, રાત અને સવારે પણ તેઓ ડ્યુટી પર હાજર હતા સવારે ૮:૦૦ વાગે નિતેશભાઇ જરીયાને અચાનક છાતીમાં દુખાવો ઉપાડ્યો

વડોદરા,તા.૨૬

વડોદરા શહેર નજીકના લક્ષ્મીપુરા ગામમાં રહેતા ૨૯ વર્ષના નિતેશભાઈ જરીયા હોમગાર્ડમાં ફરજ બજાવતા હતા. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વાગત કાર્યક્રમમાં તેમને રવિવારે સવારે ૧૧ વાગ્યાથી ડ્યુટી પર તૈનાત કરવામાં આવ્યા હતા. રવિવારે આખો દિવસ, રાત અને આજે સવારે પણ તેઓ ડ્યુટી પર હાજર હતા. સવારે ૮:૦૦ વાગે નિતેશભાઈ જરીયાને અચાનક છાતીમાં દુખાવો ઉપાડતા સાથી કર્મચારીઓ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા પરંતુ તેમનો જીવ બચી શક્યો ન હતો.

પ્રાથમિક તારણ મુજબ હોમગાર્ડ જવાનને હાર્ટ એટેક આવ્યો હતો. નિતેશભાઈના પત્ની ઘરકામ કરે છે, જ્યારે એક વર્ષનું તેમનું નાનું બાળક પણ છે. બનાવના પગલે તેમના સગા વાલા અને મિત્રો સયાજી હોસ્પિટલ સાથે દોડી આવ્યા હતા. હોમગાર્ડ જવાના પરિવારે આક્ષેપ કર્યો હતો કે નિતેશભાઈ કિશનવાડી વિસ્તારમાં પોઈન્ટ પર હાજર હતા તે દરમિયાન તેઓને હાર્ટ એટેક આવ્યો હતો પરંતુ નિતેશભાઈ ને નજીક ની હાર્ટ હોસ્પિટલમાં લઈ જવાના બદલે દૂર આવેલી સયાજી હોસ્પિટલમાં જો તેઓને નજીકની જ હોસ્પિટલમાં લઈ ગયા હોત અને તાત્કાલિક સારવાર મળી હોત તો જીવ બચી ગયો હોત.

ઓપરેશન સિંદુર પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની બે દિવસીય મુલાકાતે છે. ઓપરેશન સિંદૂર બાદ PM મોદી પહેલીવાર ગુજરાતની મુલાકાતે આવ્યા છે ત્યારે આજે સવારે વડોદરા એરપોર્ટથી મિલન પાર્ટી પ્લોટ સુધી સિંદૂર યાત્રા કાઢવામાં આવી હતી. PM મોદીની સિંદૂર યાત્રાને લઈને વડોદરાવાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો અને લોકો દ્વારા આવકારવામાં આવ્યા હતા. યાત્રાના રૂટ પર ઠેર ઠેર મોટી સંખ્યામાં લોકોની ભીડ જોવા મળી હતી. વડોદરા સિંદૂર યાત્રા પુરી કર્યા બાદ પીએમ મોદી દાહોદ પહોંચ્યા છે. જ્યાં તેમણે નવ નિર્મિત રેલવે મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટનું નિરિક્ષણ કર્યું હતું અને ઈલેક્ટ્રિક લોકોમોટિવ એન્જિનને લીલીઝંડી આપી હતી

### પાકિસ્તાનને આપતો હતો ગુપ્ત માહિતી

# દિલ્હીમાંથી CRPF જવાનની ધરપકડ કરવામાં આવી

## NIAના જણાવ્યા મુજબ, મોતીરામ ૨૦૨૩થી પાકિસ્તાનના ગુપ્તચર અધિકારીઓ માટે જાસૂસી કરતો હતો

નવી દિલ્હી, તા.૨૬

રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)એ જાસૂસીના આરોપસર દિલ્હીમાંથી એક મોતીરામ જાટ નામના CRPF જવાનની ધરપકડ કરી છે. તેના પર પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઓને ગુપ્ત માહિતી પૂરી પાડવાનો આરોપ છે. NIAના જણાવ્યા મુજબ, મોતીરામ ૨૦૨૩થી પાકિસ્તાનના ગુપ્તચર અધિકારીઓ માટે જાસૂસી કરતો હતો. તેણે દેશની સુરક્ષા સંબંધિત ગુપ્ત માહિતી ઘણી વખત શેર કરી હતી. તેને પાકિસ્તાનમાંથી વિવિધ માધ્યમો દ્વારા નાણાં મળતા હતા, જે તેની જાસૂસી પ્રવૃત્તિઓનો એક ભાગ હતો.મોતીરામને દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં રજૂ કરાયો હતો. સુનાવણી બાદ તેને ૬ જૂન સુધી એનઆઈએ કસ્ટડીમાં ધકેલી દેવાયો છે. આ ધરપકડ એવા સમયે થઈ છે જ્યારે તાજેતરના પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો છે અને સુરક્ષા એજન્સીઓ એલર્ટ પર છે. છેલ્લા બે અઠવાડિયામાં પંજાબ, હરિયાણા, દિલ્હી અને ઉત્તર પ્રદેશમાંથી જાસૂસીના આરોપસર કુલ ૧૪ લોકોની ધરપકડ કરવામાં આવી છે. મોતીરામ જાટની ધરપકડ થઈ તે પહેલા ઉત્તર પ્રદેશની એટીએસ ટીમે પાકિસ્તાન માટે જાસૂસ કરતા યુવકની દિલ્હીથી ધરપકડ કરી હતી. યુપી એટીએસની ટીમે દિલ્હીના સલીમપુર વિસ્તારમાંથી હારૂન નામના વ્યક્તિને પકડ્યો હતો. હારુન પાકિસ્તાની હાઈ કમિશનના કર્મચારીના સંપર્કમાં હોવાનો પણ ખુલાસો થયો હતો. દિલ્હી ઝડપાયેલો હારૂન પાકિસ્તાની દૂતાવાસમાં કામ કરતા મુજમ્મિલ હુસૈનના સંપર્કમાં હોવાની લિંક સામે આવ્યા બાદ યુપીએ એટીએસએ તેની ધરપકડ કરી છે. હારૂન ભંગારનું કામ કરતો હોવાનો, તેને બે પત્ની હોવાનો અને તેણે પાકિસ્તાનમાં રહેતી તેની કાકીની પુત્રી સાથે બીજા લગ્ન કરેલા હોવાનો ખુલાસો થયો છે. હારૂનની લિંક પાકિસ્તાન હાઈકમિશનમાં કામ કરાત દાનિશ સાથે પણ જોડાયા હોવાનું સામે આવ્યું છે. ધરપકડ કરાયેલા લોકોમાં પંજાબની ૩૧ વર્ષીય યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રા પણ છે, જે પાકિસ્તાન દૂતાવાસના એક અધિકારીના સંપર્કમાં હતી. ભારત દ્વારા તે અધિકારીને પહેલાથી જ દેશમાંથી હાંકી કઢાયો હતો. હરિયાણાના એક વરિષ્ઠ અધિકારીએ ગયા અઠવાડિયે કહ્યું હતું કે, ભારત વિરુદ્ધ જાસૂસીમાં વધુ લોકો સામેલ છે કે કેમ તે શોધવા માટે એક ઓપરેશન ચાલી રહ્યું છે અને ઘણી યુટ્યુબ ચેનલોની તપાસ કરવામાં આવી રહી છે.

### અચાનક નહીં, સમજી વિચારીને જ નિર્ણય લીધો

# પરેશ રાવલે ફિલ્મ "હેરા ફેરી 3" છોડવાનું અસલ કારણ જણાવ્યું

## અક્ષય કુમારે લીગલ નોટિસ આપીને સૌને ચોંકાવી દીધા હતા, તો પરેશ રાવલે પણ કાયદાકીય રીતે જવાબ આપ્યો

મુંબઈ, તા.૨૬

બોલિવૂડની અપકમિંગ ફિલ્મ હેરા ફેરી ૩ માં પરેશ રાવલે કામ કરવાની ના પાડતાં છેલ્લા કેટલાક દિવસોથી વિવાદ ચાલી રહ્યો છે. પહેલા અક્ષય કુમારે એક્ટરને લીગલ નોટિસ આપીને સૌને ચોંકાવી દીધા હતા, તો હવે પરેશ રાવલે પણ તેનો કાયદાકીય રીતે જ જવાબ આપ્યો છે. પરેશ રાવલની લીગલ ટીમના આનંદ અને નાયકે સમગ્ર મામલો સંભાળી લીધો છે. એક્ટરે રવિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ કરીને ચાહકોને જણાવ્યું કે, પોતાના અધિકારોના આધાર પર તેમણે અક્ષય કુમારની ટીમને એક જવાબ મોકલાવ્યો છે. જે પછી મોટાભાગની અન્ય બાબતો આપો આપ શાંત થઈ જશે.

પરેશ રાવલના વકીલોએ રવિવારે મીડિયા સાથે વાતચીત કરી એક્ટરનું હેરા ફેરી ૩ છોડવાનું કારણ જણાવ્યું હતું. પરેશ રાવલની ટીમે કહ્યું કે, તેમણે સ્ટોરી, સ્ક્રીનપ્લે અને એગ્રીમેન્ટનું એક લાબો ડ્રાફ્ટ નહોતો મોકલ્યો, જે મૂળભૂત રીતે અમારા માટે જરુરી હતો. તેમના તરફથી સાજિદ નડિયાદવાલાના પિતરાઈ ભાઈ ફિરોઝ નડિયાદવાલાને અને મૂળ ફિલ્મના પ્રોડ્યુસર્સને નોટિસ મોકલવામાં આવી છે, જેમાં ફિલ્મના પ્રોડક્શન પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

આ ઉપરાંત પરેશ રાવલ તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ બાબતોની ગેરહાજરીમાં અને મિસ્ટર નડિયાદવાલા જે મૂળ ફિલ્મના નિર્માતા છે, તેઓએ અમારા ક્લાયન્ટને લીગલ નોટિસ મોકલી હતી અને ફિલ્મ કરવા અંગે સવાલો ઉઠાવ્યા હતા, તેથી અમારા ક્લાયન્ટે નિયમો તોડ્યા અને પૈસા પરત કરવાનો અને ફિલ્મ ન કરવાનો નિર્ણય લીધો હતો.

પરેશ રાવલે કહ્યું કે, તેમનો હેરા ફેરી ૩ છોડવાનો નિર્ણય જોશમાં આવીને અચાનક નથી કરાયો, સમજી વિચારીને કરવામા આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર મામલે કાનૂની દૌર ત્યારે શરુ થયો જ્યારે હેરા ફેરી ૩ના એક્ટર અને પ્રોડ્યૂસર અક્ષય કુમારે પરેશ રાવલ વિરુદ્ધ લીગલ મામલો શરુ શરુ થયો હતો. અક્ષય દાવો કર્યો હતો કે, પરેશના અચાનક ફિલ્મમાંથી બહાર નીકળવાથી, કલાકારો, ક્રૂ, સંસાધનો અને ટ્રેલર શૂટને લગતી વસ્તુઓને આર્થિક નુકસાન થયું છે.

### સિંધુ પર લેવાયેલો નિર્ણય દેશના હિતમાં હશે : જયશંકર

# દિલ્હી સ્થિત વિદેશ મંત્રાલયની સલાહકાર સમિતિની બેઠક યોજાઇ

## અમે તમામ દેશોને કહ્યું હતું કે, પાકિસ્તાન હુમલા બંધ કરશે, તો અમે બંધ કરીશું, નહીં તો જવાબ મળતો રહેશે

નવી દિલ્હી, તા.૨૬

આજે દિલ્હી સ્થિત વિદેશ મંત્રાલયની સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી, જેમાં વિદેશમંત્રી એસ.જયશંકર અને વિદેશ સચિવ વિક્રમ મિસરી ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન જયશંકરે ઓપરેશન સિંદૂરથી લઈને સંઘર્ષ વિરામ પર મહત્ત્વની માહિતી આપી છે.

તેમણે ભારત-પાકિસ્તાન વચ્ચે થયેલા ઘર્ષણ અને ભારતીય સેનાના ઓપરેશન સિંદૂર અંગે માહિતી આપતા કહ્યું કે, 'અમે તમામ દેશોને કહ્યું હતું કે, પાકિસ્તાન હુમલા બંધ કરશે, તો અમે બંધ કરીશું. નહીં તો જડબાતોડ જવાબ મળતો રહેશે.'

સૂત્રોના જણાવ્યા મુજબ ભારત-પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ વિરામમાં અન્ય દેશની ભૂમિકા અંગે જયશંકરે કહ્યું કે, 'જ્યારે અન્ય દેશોએ અમને પૂછ્યું તો અમે કહ્યું કે, જો તેઓ ફાયરિંગ કરશે તો અમે ફાયરિંગ કરીશું, જો તેઓ અટકશે તો અમે અટકીશું.' આ ઉપરાંત તેમણે સિંધુ જળ સમજૂતી અંગે કહ્યું કે, 'જે કોઈપણ નિર્ણય લેવાશે, તે દેશના હિતમાં હશે અને સારો હશે.' જયશંકરની ટીમના સભ્યોએ કહ્યું કે, 'ઓપરેશન સિંદૂરનો પ્રથમ તબક્કો પૂરો થયા બાદ અમેરિકન સેક્રેટરીએ કહ્યું હતું કે, પાકિસ્તાન મોટો હુમલો કરી શકે છે, તો અમે જવાબ આપ્યો હતો કે, પાકિસ્તાન મોટો હુમલો કરશે તો અમે તેનાથી પણ મોટો હુમલો કરવા માટે તૈયાર છીએ.' અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મધ્યસ્થતાવાળી પોસ્ટ મામલે વિદેશમંત્રીએ કહ્યું કે, 'ભારત અને પાકિસ્તાનની ફ્ર્ટર્સ વચ્ચે વાતચીત થયા બાદ સંઘર્ષ વિરામનો નિર્ણય લેવાયો છે, તેમાં અન્ય દેશની કોઈ ભૂમિકા નથી.'

### જિગ્નેશ મેવાણીએ કોંગ્રેસને આપ્યો ઝટકો

# કડી વિધાનસભા માટ પેટાચૂંટણી માટે પક્ષે સોંપેલી જવાબદારી માટે ના પાડી દીધી

અમદાવાદ,તા.૨૬

રવિવારે ગુજરાતના બે વિધાનસભાના પેટાચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી છે. ૧૯ જુને વિસાવદર અને કડી પેટાચૂંટણી યોજાશે. ત્યારે આ પહેલા કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ પ્રદેશ નેતાગીરીએ કડી વિધાનસભા માટે સોંપેલી જવાબદારી સ્વીકારવાનો ઈન્કાર કરીને કોંગ્રેસને મોટો ઝટકો આપ્યો છે. ગઈકાલે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ દ્વારા કડી અને વિધાનસભા પેટાચૂંટણી માટે પ્રભારીની જાહેરાત કરવામાં આવી હતી. બંને વિધાનસભા માટે ૪-૪ પ્રભારીની જાહેર કરવામાં આવી છે. વિસાવદર માટે પરેશ ધાણાની, ઈન્દ્રનીલ રાજ્યગુરુ, વશરામ સાગઠિયા અને પૂંજા વંશની પ્રભારી તરીકે નિમણૂંક કરાઈ. તો કડી માટે ગેનીબેન ઠાકોર, જિગ્નેશ મેવાણી, પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ અને માલધારી નેતા રઘુ



દેસાઈની પ્રભારી તરીકે નિમણૂંક કરાઈ. આ સાથે શક્તિસિંહ ગોહિલે કહ્યું કે, આ પ્રભારીઓ બે દિવસમાં સ્થળ પર જશે અને સ્થાનિક કાર્યકરોને મળશે. તેના બાદ મોવડી મંડળ મુકુલ વાસનિક પરામર્શ કરશે. અમે ૨ જૂન છેલ્લા દિવસે અમે ફોર્મ ભરવા નહિ જઈએ. અમે જીતવાના છે અને જીતવા માટે લડવાના છે. ગુજરાતમાં જે પરિસ્થિતિ તે પરિસ્થિતિ ત્રાજવામાં મૂકે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ પ્રદેશ નેતાગીરીને મોટો ઝટકો આપ્યો છે. અમરેલી ઘટના અંગે પક્ષ સામે નારાજગી દર્શાવ્યા બાદ જિગ્નેશ મેવાણીએ નવી જવાબદારી નિભાવવા ઈન્કાર કરી દીધો. કડી વિધાનસભા પેટા ચૂંટણીમાં પ્રભારી તરીકે ગઈકાલે જ જવાબદારી સોંપાઈ હતી. ત્યારે જવાબદારી સોંપાયા બાદ આજે પ્રદેશ નેતાગીરીને મનાઈ ફરમાવી દીધી. જિગ્નેશ મેવાણીએ કડી વિધાનાભામાં પ્રભારી તરીકે જવાબદારી નહીં સ્વીકારવાના નિર્ણય અંગે અંગે શક્તિસિંહ ગોહિલને અવગત કર્યા છે. ઉલ્લેખનીય છે કે, આગાઉ જીગ્નેશ મેવાણી અનેકવાર પક્ષથી નારાજગી દર્શાવી ચૂક્યા છે. ગુજરાતની બે વિધાનસભા બેઠક કડી અને વિસાવદરમાં ૧૯ જૂને પેટાચૂંટણી યોજાશે, જ્યારે ૨૩ જૂને મતગણતરી હાથ ધરાશે.. ૨૬મેથી ઉમેદવારો ચૂંટણી ફોર્મ ભરી શકશે

# ભાવનગર ખાતે લોહાણા જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે ચોપડાનું વિતરણ કરાયું






લોહાણાસમાજભાવનગર દ્વારાલોહાણામહાપરિષદઝોન-૪અને ખીમજીભગવાનદાસચેરીટેબલટ્રસ્ટના માર્ગદર્શન તથા સહકારથી અને દાતા પરિવારનાસહયોગથીલોહાણાજ્ઞાતિના દરેક બાળકો માટે રાહતદરે ચોપડા વિતરણનો કાર્યક્રમ તા. ૨૩/૫/૨૦૨૫ને શુકવારે લોહાણા વિદ્યાર્થી ભવન, પિલગાર્ડન પાસે ભાવનગર ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લોહાણા જ્ઞાતિના બાળકોને રાહતદરેચોપડાઆપવામાંઆવ્યાહતા. કાર્યક્રમની શરૂઆતમાં માતા સરસ્વતી અને જલારામ બાપાનું પૂજન અને દીપ પ્રાગટય કરીને કરવામાં આવી હતી. લોહાણા જ્ઞાતિના બાળકોએ બહોળી સંખ્યામા લાભલીધોહતો. આ કાર્યક્રમમાં સૌ લોહાણા સમાજના અગ્રણીઓ અને પરિવારોજોડાયાહતા. આચોપડાવિતરણ લોહાણા સમાજ ભાવનગર સ્વ. પ્રીતમલાલત્રમ્બકલાલવસાણીપરિવાર, સ્વ. જયંતકુમાર ગિરધરલાલ વસાણી પરિવાર, ભુપતભાઈ પજવાણીપરિવાર, ધર્મેશભાઈ હરિયાણી (સીએ) પરિવાર, નવીનભાઈ વસાણી પરિવારનો સહકાર સાંપડયો છે તથા માર્ગદર્શન, સહયોગ, લોહાણા મહાપરિષદ ઝોન-૪ અને ખીમજી ભગવાનદાસ ચેરીટેબલ ટ્રસ્ટનો રહ્યો છે. આ કાર્યક્રમમાં જ્ઞાતિના વડીલો, દાતાઓ અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા અને સર્વે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ આપી હતી. લોહાણાજ્ઞાતિનાભાવનગર, અમરેલી અને બોટાદના મળી કુલ ૨૦ ગામના લોહાણા મહાજનોમાં ચોપડા વિતરણમાં અદાજે ૨૦૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓનેચોપડાનોલાભઆપવામાં આવશે. કુલ ૫૦,૦૦૦ ચોપડાનું વિતરણલોહાણાસમાજધ્વારાકરવામાં આવનાર છે. જે તબક્કાવાર વિતરણ કાર્યક્રમ કરવામાંઆવશે.

## સાવરકુંડલા : વોર્ડ નંબર 3 કૃષ્ણનગર સોસાયટીમાં સી.સી.રોડ કામનો પ્રારંભ



સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલાશહેરવોર્ડનં.૩ નગરપાલિકાપ્રમુખતેમજઉપપ્રમુખની સૂચનાથી વોર્ડ નં.૩ માં કૃષ્ણનગર સોસાયટી વીરપુરવાળા કારખાના વાળા વિસ્તારમાં સીસી કરોડનો પ્રારંભ શ્રીફળ વધેરીને નગરપાલિકા સદસ્ય કમલેશભાઈ રાનેરા, પિયુષભાઈ કેશુભાઈ ચુડાસમા, ગૌતમભાઈ, ભારતીય જનતા પાર્ટીના શહેર ભાજપ મહામંત્રી મોહિતભાઈ સુદાણીની ઉપસ્થિતિમાં થયો. આ તકે હિરેનભાઈ પરમાર, રાજુભાઈ પરમાર, ભાઈલાલભાઈ જયાણી, ચેતનભાઈ પરમાર, દિનેશભાઈ સાથળા, રાજુભાઈ મકવાણા કાર્યકર્તા તેમજ ભાજપ સમર્થકો તથા આ વિસ્તારના લોકોમાં હર્ષની લાગણી પ્રસરી છે.

## ભારતીય ટપાલ ખાતાનો વધુ એક ઉમદા અભિગમ

## ગુડ ન્યુઝ : પોસ્ટ વિભાગ દ્વારા પેન્શનર્સની હયાતીની ખરાઈ નિઃશુલ્ક થશે

અમરેલી, તા.૨૬

ડિજિટલ ઈન્ડિયા અને સુશાસનના ભાગરૂપે ભારતીય ટપાલ ખાતાને વધુ એક ઉમદા અભિગમ છે. જેના લીધે પેન્શર્સઓને વધુ ઝડપી સેવાઓનો લાભ મળશે. કેન્દ્ર અને રાજય સરકારના પોસ્ટ વિભાગ ધ્વારા કરવામાં આવેલ એમ.ઓ.યુ. અંતર્ગત ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંન્ક ધ્વારા પેન્શસર્સની હયાતીની ખરાઈ નિઃશૂલ્ક કરવામાં આવશે. નિયમોનુસાર પેન્શનર્સની વાર્ષિક હયાતીની ખરાઈ (મેં, જુન, જુલાઈ) માસમાં કરવામાં આવતી હોય છે. જે અન્વયે પોસ્ટ વિભાગ પેન્શનર્સ પાસે જઈને ખરાઈ કરશે.

કેન્દ્ર અને રાજય સરકારના સંયુકત ઉપક્રમે ડિજિટલ ઈન્ડિયા અને સુશાસનના ભાગરૂપે પેન્શનર્સને પણ ડિજિટલઈન્ડિયાનોલાભમળેતેમનેવધુ ઝડપી સગવડ અને સુલભ વ્યવસ્થાઓ મળીરહેતેઅભિગમસાથેપોસ્ટવિભાગ ધ્વારા પેન્શનર્સનો સંપર્ક થશે.

પોસ્ટ વિભાગ ધ્વારા પેન્શનર્સનો સંપર્ક કરવામાં આવે ત્યારે પેન્શનર્સઓએ પોસ્ટ વિભાગને તેમના પી.પી.ઓ. નંબર, એકાઉન્ટ નંબર, આધારકાર્ડસહિતનીવિગતોપૂરીપાડવી તેમઅમરેલીજિલ્લાતિજોરીઅધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

### દાતાઓના સહયોગથી સેવા કાર્ય

## અમરેલીની પાંજરાપોળ ગૌશાળામાં ગૌમાતાને માખણ-મિશ્રીનું ભોજન કરાવાયુ

### ગૌશાળાનાં ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહયા



અમરેલી, તા. ૨૬

પાંજરાપોળ ગૌશાળા અમરેલી તા.૨૫/૦૫/૨૫ રવિવારનાં રોજ ગૌમાતાને વર્ધમાન સંસ્કારધામ (હસ્તે અંકિતભાઈ) તરફ થી ૫૧,૦૦૦/- રૂપિયાના માખણ - મિશ્રી (૨૦ ગુણી) અને ફોતરી (૨૦ ગુણી) તેમજ ઘાસચારો ગૌમાતાને આપવામાં આવેલ છે તેમજ ૨૪ વર્ષ થી ઉનાળામાં ચાલતા છાશ કેન્દ્રની પુર્ણાહુતી તેમજ નવા અવેડામાં તકતી અનાવરણ તેમજ રવજીભાઈ દુદાભાઈ સાવલીયા (અમરેલી) હાલ અમદાવાદ તરફ થી મહેમાનોને તેમજ ગોવાળ અને કર્મચારીઓને ભાવતા ભોજન કરાવેલ આ કાર્યક્રમ જશુમતીબેન બાબુભાઈ આશર (લંડન)નાં અધ્યક્ષ સ્થાને યોજેલ રાધીકા હોસ્પીટલનાં પ્રણેતા સ્વર્ગસ્થ દિનેશચંદ્ર (મોટાભાઈ) શામળદાસ ગાંધીની ચોથી પુણ્યતિથી નીમીતે ૫૧,૦૦૦/- રૂપિયાનું અનુદાન અવેડા માટે મળેલ તેની તકતીનું અનાવરણ મોણપરનાં રહીશ હાલ સુરત ઝવેરભાઈ પુનાભાઈ ગજેરાનાં વરદ હસ્તે. જશુમતીબેન તરફથી ૧૨,૦૦૦/- રૂપિયા ગાયદતકમાં અનુદાન અશોકભાઈ રીકમચંદ શેઠ (બેંગ્લોર) તરફ થી તેમના હસ્તક ૪૯,૦૦૦/- રૂપિયાનું અનુદાન તેમજ ૠત્વિક મુકેશભાઈ દોશી બેંગ્લોર તરફ થી રૂપિયા ૫૦૦૦/- નું અનુદાન તેમજ આવેલ મહેમાનો તરફ થી ૬૦૦૦/- રૂપિયાનું અનુદાન આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી વસંતભાઈ પોકળ, મુકુંદભાઈ ગઢીયા (મંત્રી) તેમજ બાબુભાઈ જાવીયા, પ્રફુલભાઈ ઠુમ્મર (મંત્રી), શાંતિભાઈ સાવલીયા, રમેશભાઈ સાવલીયા, ભાવિનભાઈ સંપટ વગેરે જીવદયા પ્રેમી હાજર રહેલ કર્મચારી ગોવાળ સુંદર વ્યવસ્થા કરી આપેલા કાર્યક્રમનું સંચાલન ટ્રસ્ટી દિલીપભાઈ પરીખે કરેલ.

### મે અને જૂન માસ દરમિયાન

## અમરેલી જિલ્લાના રેશનકાર્ડ ધારકોને અનાજનો જથ્થો મેળવી લેવા જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા અનુરોધ

### ઘંઉ, ચોખા, ખાંડ અને મીઠાનો જથ્થો મળશે

અમરેલી, તા.૨૬

જાહેર વિતરણ વ્યવસ્થા યોજનામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો એમ બંને પ્રકારના કુટુંબોને સરકાર દ્વારા સસ્તા અનાજનીદુકાનખાતેથીવિવિધઅનાજ અને જરૂરી ખાદ્ય ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લઈ રાજયસરકાર દ્વારા મે-૨૦૨૫માં મે માસના ઘઉં, ચોખા, ખાંડ અને મીઠાનો તથા જૂન માસના ઘઉં અને ચોખાનું વિતરણ થઈ શકે તે માટે આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

અમરેલીજિલ્લાપુરવઠાતંત્ર દ્વારા જિલ્લાના રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ અંત્યોદયઅનેઅગ્રતાધરાવતાકુટુંબોને સસ્તાઅનાજનીવાજબીભાવનીદુકાન ખાતેથીમે-૨૦૨૫માસમાં મે અને જૂન માસનોઅનાજનોજથ્થોસમયસર મેળવી લેવા અનુરોધ છે.

એ ન.એ ફ.એ સ.એ. રેશનકાર્ડ ધારકોનું ઈ-કેવાયસી બાકી હોય તેવા તમામ રેશનકાર્ડ ધારકો ઈ-કેવાયસીબનતીત્વરાએકરાવવામાટે જેતે તાલુકા મામલતદાર કચેરીનો સંપર્ક કરી, નાયબ મામલતદાર, પુરવઠા દ્વારા એપ્રુવલ મેળવ્યાબાદના૨૪ કલાક પછી સસ્તા અનાજની દુકાન ખાતેથી મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવી લેવા અમરેલીજિલ્લાપુરવઠાઅધિકારીએએક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.


ફરસાણ • ખમણ • મીઠાઈ



શિવ ફરસાણ (ધારીવાળા)

નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેક્નોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ 'ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસકમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેકટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેકટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

CBSE પદ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજયુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફ્ટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજયુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુકસ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ કલાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...





PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦

sunflowerpreschool.in


# સાવરકુંડલા : કમોસમી વરસાદ અને વાતાવરણની અનિશ્ચિતતા સંદર્ભે લોકો પણ અવઢવમાં

સાવરકુંડલા પંથક મહેસુસ કરે છે. વાતાવરણની અનિશ્રિતતા સવારથી બપોર સુધી ભારે ઉકળાટ સાથે લોકો પણ આ રંગ બદલતી પર્યાવરણ પેટર્નથી ભારે પરેશાની અનુભવી રહ્યાં. છેલ્લા બે દિવસથી સાવરકુંડલા હવામાને ભારે અનિશ્ચિતતા સર્જી છે. એમાં પણ થોડા સમય સુધી આકાશ વાદળોથી છવાયેલું રહે છે. તો વળી પાછા સૂર્યનારાયણ એનો ઓરિજિનલ મિજાજ બતાવી તાપમાનમાં બફારો અને ઉકળાટ સર્જે છે. એકંદમ હવે આ બે ૠતુ જેવા માહોલમાં લોકો પણ પરેશાન છે. જો કે છેલ્લા બે દિવસથી કમોસમી વરસાદ આવું આવું થઈને અચાનક માર્ગ બદલી દે છે. એટલે ભૂમિપુત્રોમાં થોડી રાહતની લાગણી જોવા મળે છે. જો કે બદલતી પર્યાવરણ પેટર્ન હવે મનુષ્યને કહી રહી હોય કે હવે પ્રકૃતિનું દોહન બંધ કરો. આ વાતાવરણમાં બદલાવ એ બીજું કશું નહી પરંતુ પ્રદુષણને નાથવા માટે કડક સંદેશ પણ આપતું હોય તેમ લાગે છે. આ બદલતી મોસમી પેટર્નને સાવરકુંડલા સ્વામિનારાયણ ગુરૂકુળના શિક્ષક પિયુષભાઈ દવેએ પોતાના કેમેરામાં કેદ કરી લોકોને પણ હવે પર્યાવરણ નુકસાન ન પહોંચે તેવા શકય પ્રયાસો કરવાની જાણે વાત કરી રહ્યા હોય તેવું જણાય છે. પ્રકૃતિને બચાવો પ્રકૃતિ





## સાવરકુંડલા-રંઘોળા વચ્ચેનાં માર્ગમાં આવતાં વિસ્તારમાં નારાજગી

# દામનગર-ઈંગોરાળા વચ્ચેનો માર્ગ બનાવવામાં દે ધનાધન

**જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી બનતો માર્ગ નિયમ પ્રમાણે બનતો ન હોવાનો સ્થાનિકોનો આક્ષેપ**

**નબળા માર્ગનાં કારણે અવારનવાર અકસ્માતની ઘટના બનતી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું**

**માર્ગ-મકાન વિભાગનાં કર્મચારીની ગેરહાજરીમાં માર્ગ બનતો હતો**

**બાંધકામ સમિતિનાં પૂર્વ ચેરમેન મયુર આસોદરીયાએ સમગ્ર કૌભાંડનો કર્યો પર્દાફાશ**



અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લામાં મોટાભાગનાં માર્ગો બિસ્માર બાદ અતિ બિસ્માર બની જાય છે અને તેમાં કામ જ જવાબદાર હોય છે અને માર્ગ બનાવતી એજન્સી ભ્રષ્ટ અધિકારી અને રાજકીય આગેવાનની ત્રિપુટી એટલે કે ટુકડે-ટુકડે (ડો. કાનાબારે આપેલ નામ) જવાબદાર છે.

દરમિયાનમાં જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિનાં પૂર્વ ચેરમેન મયુર આસોદરીયાએ ''અમરેલી એકસપ્રેસ''ને માર્ગનો વિડીયો મોકલીને માર્ગ બનાવવામાં ચાલતી ગોલમાલનો પર્દાફાશ કર્યો છે.

તેઓએ જણાવેલ છે કે, સાવરકુંડલા-રંઘોળા સ્ટેટ હાઈવે પૈકી આજે દામનગર-ઈંગોરાળા વચ્ચે માર્ગનું કામ ચાલતું હતું. જેમાં પેચવર્કનાં કામમાં ડામરનો ઉપયોગ જ કરવામાં આવતો ન હોય માર્ગ બનાવતી એજન્સીને મોબાઈલ કરી ફરિયાદ કરતાં તેઓએ જયાં રજૂઆત કરવી હોય ત્યાં કરી શકો છો તેવો ઉડાઉ જવાબ આપતા બાદમાં કાર્યપાલક ઈજનેરને મોબાઈલમાં રજૂઆત કરતાં કોઈ કર્મચારી આવેલ અને નિયમ પ્રમાણે માર્ગ બનાવવાની ખાત્રી આપી હતી.

તેઓએ વધુમાં જણાવેલ કે, માર્ગનું કામ શરૂ હોય માર્ગ-મકાન વિભાગનાં એકપણ કર્મચારી કે જરૂરી સાધનોનો પણ અભાવ સ્પષ્ટ જોવા મળ્યો હતો.

આમ, અમરેલી જિલ્લામાં જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી સરકારી ધોરણે બનતા મકાનો અને માર્ગો બનાવવામાં દે ધનાધન થતી હોવાની અવારનવાર ફરિયાદ થતી હોવા છતાં કોઈ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી તે હકીકત છે.

### સાવરકુંડલાનાં ડેડકડી ગામની ઘટના

## અરેરાટી : પીજીવીસીએલની બેદરકારીથી ૨ ભેંસનાં વીજ કરંટ લાગવાથી મોત થયા

**વીજપડીનાં વીજઅધિકારીઓ તપાસ કરાવે**



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા તાલુકાના ડેડકડી ગામે પીજીવીસીએલની બેદરકારીને કારણે બે ભેંસોને વીજ કરંટ લાગતા મોત. વીજપડીની પીજીવીસીએલની બેદરકારીને લઈને બે ભેંસને વીજ કરંટ લાગતા મોત નિપજયાં. વીજ તાર તૂટી ગયેલો હોય અને વીજ પાવર શરૂ હોય પરંતુ વીજ પાવર કટ ન કરતા બે ભેંસને વીજ કરંટ લાગતા મોત નીપજયા. હિપાભાઈ રબારી નામના પશુપાલકની બે લાખની કિંમતની બંને ભેંસોના મોત થયા. હાલ તો પશુપાલકની રોજી રોટી છીનવાય.

### પાલિકાના શાસકો જનઆરોગ્યનાં હિતમાં કાર્યવાહી કરે

## જાફરાબાદનાં સામાકાંઠા વિસ્તારમાં આવેલ તલાવડીમાં દુર્ગંધ મારતા પાણીનો થયો ભરાવો

**શહેરીજનો કરવેરો ભરતા હોય સુવિધા આપવી જરૂરી**



જાફરાબાદ, તા. ૨૬

જાફરાબાદ પાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાનના ફોટા સેશન કરી ઉચ્ચ અધિકારીઓને ઉલ્ટા ચશ્મા પહેરાવી રહ્યા હોય પરંતુ વાસ્તવિકતા અલગ છે. જાફરાબાદના સામાકાંઠા તલાવડી વિસ્તાર કે જયાં મોટી સંખ્યામાં રાહદારીઓ વિદ્યાર્થીઓ મહિલાઓ સિનિયર સિટીઝન તથા ટુ વ્હીલર ચાલકો રોડ ઉપરથી મોટી સંખ્યામાં અવર જવર રહેતી હોય અને ભીડભાડવાળો રસ્તો હોય આ આરસીસી રોડ નવો નક્કોર બન્યો પરંતુ પાણીનો નિકાલ માટેનું કોઈ પણ જાતનું મેનેજમેન્ટ કરવામાં ન આવતા અહીં ગટરના પાણી તથા વરસાદી પાણી બારેમાસ આ મેન રોડ ઉપર વગર વરસાદે પાણી ભરાયેલા રહેશે.

ગંધાતા પાણીમાંથી રાહદારીઓ તથા નાના ભૂલકાઓ અને વિદ્યાર્થીઓ ચાલવા મજબુર પરંતુ પાલિકા દ્વારા આ વિસ્તારમાં ખદબદતી ગંદકી સામે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. આ મેન રોડ વચ્ચે ધ્અધવચ્ચે મસમોટા ખાડા ખાબોચિયા

**અનુસંધાન પાના ૬ ઉપર**












*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)